શ્રી કામરેજ વિભાગ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લી. નવીપારડી

નવા ચુંટાયેલા વ્યવસ્થાપક સમિતિના સભ્યશ્રીઓની યાદી

અ.નં.	સભ્યશ્રીનું નામ અને સરનામું	હોદ્દો	ટેલીફોન નંબર
૧.	શ્રી અશ્વિનભાઈ ભાઈદાસભાઈ પટેલ મુ.પો.ઘાતવા, તા.કામરેજ, જી.સુરત	પ્રમુખ	૯૮૨૫૧ ૪૫૧૪૨
૨.	શ્રીમતી છાયાબેન મહિપાલસિંહ ગોહિલ મુ.પો.રાજપુતબોરી, તા.માંડવી, જી.સુરત	ઉપપ્રમુખ	૯૮૭૯૭ ૭૩૫૫૭
૩.	શ્રી હેમંતકુમાર મંગુભાઈ પટેલ મુ.પો.કરજણ, તા.કામરેજ, જી.સુરત	સભ્ય	૯૯૯૮૬ ૩૦૬૪૨
૪.	શ્રી ઘનશ્યામસિંહ મોહનસિંહ ચાવડા મુ.પો.ભાદા, તા.કામરેજ, જી.સુરત	સભ્ય	૯૮૨૫૧ ૨૫૨૪૫
૫.	શ્રી અરવીંદભાઈ તુલસીભાઈ ભકતા મુ.પો.વાવ, તા.કામરેજ, જી.સુરત	સભ્ય	૯૮૨૫૧ ૭૪૦૯૫
૬.	શ્રી અંકુરભાઈ હસમુખભાઈ પટેલ મુ.પો.શામપુરા, તા.કામરેજ, જી.સુરત	સભ્ય	૯૪૨૬૮ ૬૫૪૨૭
૭.	શ્રી અરવીંદભાઈ બેચરભાઈ પટેલ મુ.પો.જોખા, તા.કામરેજ, જી.સુરત	સભ્ય	૯૫૩૭૭ ૮૪૩૨૪
૮.	શ્રી દિનેશભાઈ રમણભાઈ પટેલ મુ.પો.ઈશનપોર, તા.ઓલપાડ, જી.સુરત	સભ્ય	૯૮૨૪૭ ૩૮૭૫૦
૯.	શ્રી વિરલકુમાર બળવંતભાઈ પટેલ મુ.પો.સાંધીયેર, તા.ઓલપાડ, જી.સુરત	સભ્ય	૯૮૭૯૫ ૦૪૯૦૪
૧૦.	શ્રી સમીરકુમાર મુકેશભાઈ પટેલ મુ.પો.કન્યાસી, તા.ઓલપાડ, જી.સુરત	સભ્ય	૮૩૪૭૭ ૪૪૭૭૪
૧૧.	શ્રી અમિતકુમાર ભગવતીભાઈ પટેલ મુ.પો.ભારૂંડી, તા.ઓલપાડ, જી.સુરત	સભ્ય	૯૮૨૫૪ ૦૦૯૬૯
૧૨.	શ્રી રણધીરસિંહ ભુપતસિંહ ચૌહાણ મુ.પો.ગામતળાવ, તા.માંડવી, જી.સુરત	સભ્ય	૯૮૭૯૮ ૪૨૫૪૭
૧૩.	શ્રી જયેન્દ્રસિંહ બળવંતસિંહ દેવધરા મુ.પો.લીંબાડા, તા.માંગરોલ, જી.સુરત	સભ્ય	૯૮૭૯૨ ૮૨૮૧૪
૧૪.	શ્રી અફઝલ હબીબખાં પઠાણ મુ.પો.ભાટકોલ, તા.માંગરોલ, જી.સુરત	સભ્ય	૯૩૨૮૫ ૦૭૨૨૭
૧૫.	શ્રી યોગેન્દ્રસિંહ ચંદ્રસિંહ બાકરોલા રાજપુત ફળીયું, મુ.પો.કોસાડ, તા.ચોર્યાસી, જી.સુરત	સભ્ય	૯૮૨૫૧ ૧૫૪૦૪
૧૬.	શ્રી નરેન્દ્રભાઈ ભગાભાઈ ઓરણાવાલા મુ.પો.ઓરણા, તા.કામરેજ, જી.સુરત	સભ્ય	૯૮૨૪૧ ૭૭૦૪૮
૧૭.	શ્રી પ્રવિણચંદ્ર મોતીભાઈ પટેલ મુ.પો.ભૈરવ, તા.કામરેજ, જી.સુરત	સભ્ય	૯૮૨૫૭ ૮૯૩૮૯
૧૮.	શ્રીમતી ઉષાબેન વાસુદેવભાઈ પટેલ મુ.પો.ટકારમા, તા.ઓલપાડ, જી.સુરત	સભ્ય	૮૧૨૮૪ ૨૨૬૭૬

શ્રી કામરેજ વિભાગ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લી. નવીપારડી

સાધારણ સભાની નોટીસ

આથી મંડળીના તમામ સભાસદોને ખબર આપવામાં આવે છે કે, મંડળીની ૩૬ મી વાર્ષિક સાધારણ સભા તારીખઃ ૦૯/૧૨/૨૦૨૬ ને બુધવારના રોજ બપોરે : ૧–૦૦ કલાકે નીચે જણાવેલ કામો માટે નવીપારડી મુકામે સંસ્થાની ઓફિસે રાખવામાં આવી છે, જેમાં સૌ સભાસદોને હાજર રહેવા વિનંતી છે.

:: કાર્યસૂચિ ::

કામ નં.(૧) તા.૬/૧૨/૨૦૨૫ ની વાર્ષિક સાધારણ સભાની કાર્યવાહી વાંચનમાં લઈ બહાલ રાખવા બાબત.

કામ નં.(૨) તા.૧/૪/૨૦૨૫ થી તા.૩૧/૩/૨૦૨૬ સુધીના સને ૨૦૨૫–૨૬ ના વર્ષનો અહેવાલ તથા હિસાબ મંજૂર કરવા બાબત.

કામ નં.(૩) તા.૧/૪/૨૦૨૫ થી તા.૩૧/૩/૨૦૨૬ સુધીના હિસાબી વર્ષનું પ્રમાણિત ઓડીટરશ્રી, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ તરફથી થયેલ ઓડીટ અંગેનો રીપોર્ટ તેમજ દુરસ્તી રીપોર્ટ વાંચનમાં લઈ બહાલ રાખવા બાબત.

કામ નં.(૪) મંડળીના પેટાનિયમ–૪ મુજબ જરૂરી ભંડોળ ઉભું કરવાની વ્યવસ્થાપક સમિતિને સત્તા આપવા બાબત.

કામ નં.(૫) શેરડી પેમેન્ટમાંથી કપાત કરેલ ફંડમાંથી વખતો–વખત ખર્ચ કરવાની વ્યવસ્થાપક સમિતિને સત્તા આપવા બાબત.

કામ નં.(૬) સને ૨૦૨૬–૨૭ ના વર્ષ માટે ઈન્ટર્નલ ઓડીટરની નિમણુંક કરેલ જેની નોંધ લેવા બાબત.

કામ નં.(૭) સને ૨૦૨૬–૨૭ ના વર્ષમાં વ્યવસ્થાપક સમિતિના ચુંટાયેલા સભ્યોની નોંધ લેવા બાબત.(યાદી સામેલ છે.)

કામ નં.(૮) પ્રમુખ–સ્થાનેથી રજુ થાય તે.

લિ. આપનો વિશ્વાસુ,

કેશવ નિવૃત્તિ કાપસે
મેનેજીંગ ડીરેકટર
(વ્યવસ્થાપક સમિતિના આદેશથી)

તારીખઃ ૨૨/૧૦/૨૦૨૬
સ્થળઃ નવીપારડી

:: નોંધ ::

૧. સભાસદ ભાઈઓને હિસાબ તથા બીજી કોઈપણ માહિતીની જરૂર હોય તો તેમણે સભાના ત્રણ દિવસ અગાઉ લેખિત મોકલી આપવા અને સમજી લેવા વિનંતી છે.

૨. સભાસદ સિવાય સાધારણ સભામાં અન્ય કોઈપણ હાજર રહી શકશે નહીં.

શ્રી કામરેજ વિભાગ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લી. નવીપારડી

પ્રમુખશ્રીનુ નિવેદન

સુજ્ઞ સભાસદ ભાઈઓ–બહેનો તથા આમંત્રિત મહેમાનો,

આપણી સંસ્થાની ૩૬મી વાર્ષિક સાધારણ સભામાં હું તથા મારા વ્યવસ્થાપક સમિતિના સભ્યો આપનું સ્વાગત અને અભિવાદન કરતાં આનંદ અનુભવીએ છીએ. આપણી સંસ્થાના ઓડીટરશ્રીએ પ્રમાણિત કરેલાં સને ૨૦૨૫–૨૬ ના વર્ષના અહેવાલ અને હિસાબ આપ સમક્ષ રજુ કરૂં છું.

શ્રધ્ધાંજલિ :

અહેવાલના વર્ષ દરમ્યાન નેપાળમાં રાસુવામાં ભોટેકોશી નદીમાં આવેલા વિનાશક અચાનક પૂરના કારણે મૃત્યુ પામેલ તથા મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી સ્વ. શ્રી અજીતભાઈ પવાર – હવાઈ દુર્ઘટના તથા આપણી સંસ્થાના પૂર્વ–ડીરેકટરશ્રી સ્વ.વિજયસીંહ ચંદ્રસીંહ વાંસીયા – લીંબાડા તથા સંસ્થાના પૂર્વ–ડીરેકટરશ્રી સ્વ.નગીનભાઈ છીબાભાઈ પટેલ – સાયણ તથા સાયણ સુગરના પૂર્વ–ઉપપ્રમુખશ્રી ડો.દેવેન્દ્રભાઈ (ડો.શરદભાઈ) ડાહયાભાઈ પટેલ તથા એન્જીનીયરીંગ વિભાગમાં હેલ્પર તરીકે ફરજ બજાવતાં સ્વ.શ્રી નિલેશભાઈ મહેશભાઈ પટેલ તથા મેન્યુફેકચરીંગ વિભાગમાં હેલ્પર તરીકે ફરજ બજાવતાં સ્વ.શ્રી ખગેશ રામાશ્રય ગુપ્તા તથા ખેતી વિભાગમાં ઝોન સુપરવાઈઝર તરીકે ફરજ બજાવતાં સ્વ.શ્રી સુરેશભાઈ ઠાકોરભાઈ પટેલ આ ઉપરાંત આપણી સંસ્થાના પરિવારજનો અને નામી–અનામી સભાસદો અને શુભચિંતકોના દુઃખદ નિધન થયા છે એમને આપણે હૃદયથી શ્રધ્ધાંજલિ આપીએ છીએ અને એમના આપ્તજનો ઉપર આવી પડેલ આપત્તિમાં પરમકૃપાળુ પરમાત્મા શકિત અને સામર્થ્ય અર્પે એવી પ્રભુ પ્રાર્થના કરીએ છીએ.

સંસ્થાનો સભાસદ પરિવાર :

તા.૩૧/૩/૨૦૨૫ ના રોજ આપણાં સભાસદોની સંખ્યા ૩૬૫૯૩ હતી, જે પૈકી શેર ટ્રાન્સફર પ્રક્રિયાથી ૪૧૮ સભાસદોની કમી થઈ ૬૬૪ નવા સભાસદોનો ઉમેરો થયેલ છે. જેથી કુલ સભાસદ સંખ્યા ૩૬૮૩૯ થયેલ છે. આપણાં પરિવારમાં સામેલ થયેલ નવા સભાસદોને સહર્ષ આવકારૂં છું.

શેરડી પુરવઠાનું આયોજન :

સને ૨૦૨૫–૨૬ ના નાણાંકીય વર્ષના અંતે ૪૯૪૯૨૩.૫૪૮ મે.ટન શેરડીનું પિલાણ કરી ૫૫૩૮૨૫ કવીન્ટલ ખાંડનું ઉત્પાદન કરી નેટ સુગર પ્રમાણે ૧૧.૦૮ % રીકવરી પ્રાપ્ત કરેલ છે તેમજ સદર પિલાણ સીઝન દરમ્યાન ૧૧૧૮૫.૩૭ એકર શેરડી રોપાણ પાક તેમજ ૬૯૭૮.૩૯ એકર લામ પાક મળી કુલ ૧૮૧૬૪.૩૬ એકર શેરડી પાક પિલાણ માટે મળેલ છે. જે કુલ વાવેતર વિસ્તારમાંથી જે પિલાણ સીઝન દરમ્યાન ૧૩૨ પિલાણ દિવસોમાં સંસ્થાના સભાસદો તથા નોમીનલ સભાસદોની મળી કુલ ૪૭૦૯૨૪.૨૦૯ મે.ટન શેરડીનું પિલાણ કરી ૫૨૦૯૨૫ કવીન્ટલ ખાંડ ઉત્પાદન કરી નેટ સુગર પ્રમાણે ૧૧.૦૬ % રીકવરી પ્રાપ્ત કરેલ છે. પિલાણ સીઝન દરમ્યાન સ્ટોપેજ સિવાયની ૩૭૨૪.૨૫ મે.ટનની પિલાણ રાશ મેળવેલ છે.

સંસ્થાના ડીસ્ટીલરી યુનીટમાં વર્ષ ૨૦૨૫–૨૬ દરમ્યાન ૩૩૦૧૨૭૯ લીટર રેકટીફાઈડ સ્પીરીટનું ઉત્પાદન કરેલ હતું. જેમાંથી ૨૩૭૨૪૬૨ લીટર ઈથેનોલનું ઉત્પાદન કરેલ છે.

આપણી સંસ્થાએ સને ૨૦૨૬–૨૭ ની પિલાણ સીઝન માટે સંસ્થાએ ૧૪૫૩૬.૩૨ એકર રોપાણ અને ૪૯૨૩.૩૭ એકર લામ મળી કુલ ૧૯૪૬૦.૨૯ એકર શેરડીનો પાક ક્રસીંગ માટે ઉપલબ્ધ છે. ચાલુ વર્ષે વરસાદની અછત અને સફેદ માખી ના વધારે પડતા ઉપદ્રવને કારણે શેરડીનો ઉતાર ઓછો આવવાની ચાલુ પિલાણ સીઝનમાં શેરડીનો જથ્થો ઓછો ઉપલબ્ધ રહેવાની ધારણા છે. જેથી ખાંડ કારખાનાની દૈનિક પિલાણ ક્ષમતા મુજબ શેરડીનો વધારાનો જથ્થો અન્ય સ્ત્રોતોમાંથી મેળવવા આયોજન હાથ ધરવામાં આવેલ છે. ચાલુ ક્રસીંગ સીઝનમાં તારીખ ૩૧મી માર્ચ ના અંત સુધીમાં અંદાજીત ૫.૫૦ થી ૫.૭૫ લાખ મે.ટન શેરડીનો જથ્થો પિલાણ કરવાનો લક્ષ્યાંક નકકી કરેલ છે.

ખાંડ ઉદ્યોગની સમિક્ષા :

દેશના યશસ્વી આદરણિય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના સબળ નેતૃત્વ હેઠળ કેન્દ્ર સરકારશ્રી ધ્વારા સૌ પ્રથમવાર અલગ સહકાર મંત્રાલયની સ્થાપના કરવામાં આવી અને " સહકાર થી સમૃધ્ધિ " નો સંકલ્પ લેવામાં આવ્યો. આ સંકલ્પને સાકાર કરતો એક અભૂતપૂર્વક નિર્ણય તાજેતરમાં કરવામાં આવ્યો છે.

વર્ષ ૨૦૦૭–૦૮ થી ૨૦૧૪–૧૫ દરમિયાન ગુજરાતની સહકારી ખાંડ મંડળીઓએ ખેડૂતને ચુકવેલા શેરડીના ભાવો પર કેન્દ્રીય આવકવેરા વિભાગ ધ્વારા લાદવામાં આવેલો અંદાજે રૂા. ૧૫૦૦ કરોડથી વધુ આકરો ટેક્ષ, વ્યાજ અને પેનલ્ટીનો બોજો કાયમ માટે નાબુદ કરવામાં આવ્યો છે. આ નિર્ણયથી સમગ્ર ગુજરાતના સહકારી જગત અને લાખો ખેડૂતોને શેરડીના અંતિત ભાવ તરીકે ચૂકવતી હતી ત્યારે તત્કાલીન કેન્દ્ર સરકારે તેને નફો ગણીને આકરી નોટિસો અને પેનલ્ટી આકારી હતી. કેન્દ્ર સરકારશ્રીના આ ઐતિહાસિક નિર્ણયથી આપણી સહકારી ખાંડ મંડળીઓ માથેથી આવકવેરાનું મોટું આર્થિક સંકટ સદા માટે ટળી ગયું છે. હવે આપણી ખાંડ મંડળીઓએ આવકવેરા વિભાગને કોઈ જ ટેક્ષ, પેનલ્ટી કે વ્યાજ ભરવાનું રહેતું નથી.

આદરણિય વડાપ્રધાનશ્રીની દોરવણી હેઠળ અને આદરણિય સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહ સાહેબના સક્રિય સંકલનથી ઈન્કમટેક્ષના કાયદામાં ક્રાંતિકારી સુધારો કરવામાં આવ્યો છે. આ કાનૂની સુધારા પાયા પર તાજેતરમાં ગુજરાત સરકારશ્રીએ ૨૦૦૭–૦૮ થી ૨૦૧૪–૧૫ સુધીના તમામ ૮ વર્ષોના ખેડૂતોને ચુકવેલા શેરડીના ભાવોને મંજૂરી આપી દીધી છે.

શેરડી પકવતા લાખો ખેડૂતો વતી હું આદરણિય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ, કેન્દ્રીય સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહ સાહેબ અને રાજય સરકારશ્રીનો અંતઃકરપૂર્વક આભાર માનું છું.

આપણે સૌ જાણીએ છીએ કે, બદલાતા સમય સાથે આપણી ખાંડ મંડળીઓ અને ખેડૂતો સામે નાણાકીય લિક્વિડિટી, લોનના વ્યાજનો બોજ અને સંગ્રહક્ષમતા જેવી અનેક અચડણો ઉભી થઈ હતી. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, રાજય સરકારશ્રીએ વર્ષ ૨૦૨૬–૨૭ ના અંદાજપત્રમાં આપણી ખાંડ મંડળીઓ અને ખેડૂતોના હિતમાં ઐતિહાસિક અને દુરદર્શિતાભર્યા નિર્ણયો લીધા છે.

આદરણિય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાહેબની સરકારના નેતૃત્વવાળી રાજય સરકારશ્રીએ ખાંડ ઉદ્યોગના હિતમાં અનેકવિધ નિર્ણયો કર્યા છે, મંડળીઓ જયારે નવો પ્રોજેકટ, ઈન્ફ્રાસ્ટ્રકચર, મોર્ડનાઈઝેશન કે શેરડીના નાણાં ચૂકવવા માટે ૯ થી ૧૦ ટકા જેટલા ઉંચા વ્યાજે લોન લે છે ત્યારે વ્યાજનું ભારણ ખૂબ વધુ જાય છે. આ ભારણ ઘટાડવા માટે સરકારે " સુગર કો–ઓપરેટીવ એઈડ ફોર ક્રેડિટ એકાઉન્ટ રીલીફ (સાકર) યોજના " હેઠળ કુલ ૨૦ કરોડ (સામાન્ય અને આદિજાતિ વિસ્તાર માટે રૂા. ૧૦–૧૦ કરોડ) ની જોગવાઈ કરી છે. હવેથી મંડળીઓને વાર્ષિક વધુમાં વધુ રૂા.૨ કરોડ સુધીની વ્યાજ સહાય (૭% કે કોન્ટ્રાકટ રેટ જે ઓછું હોય તે મુજબ) મળશે, જેથી મંડળીઓની નાણાકીય સ્થિતિ સુધરશે.

શેરડીની ઉત્પાદકતા વધારવા અને ફેકટરીઓને સક્ષમ બનાવવા રૂા.૨ કરોડ નું વિશેષ પેકેજ મંજૂર કરાયું છે. બાયો–કમ્પોસ્ટ, ફોસ્ફો–કમ્પોસ્ટ અને વર્મી–કમ્પોસ્ટના ઉપયોગ પર ખેડૂતોના ખાતામાં સીધી સહાય જમા થશે. આ ઉપરાંત ઈલેકટ્રીક મોટર, મોલાસીસ/ઈથેનોલ સ્ટોરેજ ટેન્ક, હાર્વેસિંગ મિકેનાઈઝેશન અને ગોડાઉન બાંધકામ જેવા પ્રોજેકટ માટે ૨૫% (મહત્તમ રૂા. ૧ કરોડ) સુધીની સહાય મળશે.

ખાંડ ઉદ્યોગના ભવિષ્યને સુરક્ષિત કરવા, ખાંડ મંડળીઓના આધુનિકરણ, બીઝનેસ એક્ષપાન્શન તેમજ દર વર્ષે વધતા એફ.આર.પીના ભાવો સામે નાણાકીય જોખમોને પહોંચી વળવા માટે ભાવ સ્થિરિકરણ ફંડના દરમાં સુધારો કરવામાં આવ્યો છે. નવા આદેશ અનુસાર રાજયની ખાંડ મંડળીઓએ પ્રત્યેક નાણાકીય વર્ષના અંતે ચોખ્ખો નફો કાઢતા પહેલાં, વર્ષ દરમિયાન પિલાણ કરેલ શેરડીના જથ્થા પર પ્રતિ મેટ્રિક ટન રૂા.૨૫/– ને બદલે રૂા. ૪૦/– ભાવ સ્થિરિકરણ ફંડમાં ફરજિયાત જમા કરાવવાના રહેશે. વધુમાં આ ફંડનો ઉપયોગ મોટા પ્રોજેકટ કે અન્ય સંચાલન હેતુ માટે કરવાનો થાય ત્યારે ખાંડ નિયામકશ્રીની પૂર્વમંજૂરી મેળવવાની રહેશે. આ સુધારો ખાંડ મંડળીઓની નાણાકીય સ્થિતિ મજબુત કરવા અને ખેડૂત સભાસદોના વ્યાપક હિત માટે લેવામાં આવ્યો છે.

સને ૨૦૨૫–૨૬ ની સીઝન ભારતના આપણાં ખાંડ ઉદ્યોગે ૫૦.૦૩ લાખ મે.ટન ખાંડના જથ્થા સાથે શરૂ કરી હતી તેમજ સીઝન દરમ્યાન ૩૦૯.૦૦ લાખ મે.ટન ખાંડનું ઉત્પાદન થતાં જેમાં ૩૦.૦૦ લાખ મે.ટન ખાંડનું ઈથેનોલમાં ડાયવર્ઝન થતાં ૩૨૯.૦૩ મે.ટન ખાંડનો જથ્થો ઉપલબ્ધ રહેલ છે. જેની સામે દેશમાં ખાંડનો આંતરીક વપરાશ ૨૮૬.૦૦ લાખ મે.ટન તેમજ ૮.૦૦ લાખ મે.ટન ખાંડ નિકાસ કરેલ તથા ૨.૫ મે.ટન ખાંડ આયાત કરેલ હોવાથી સપ્ટેમ્બર ૨૦૨૬ અંતિત સુધીમાં અંદાજીત ૩૭.૫૩ લાખ મે.ટન ખાંડનો બંધ સ્ટોક રહેલ છે.

ગત વર્ષે કેન્દ્ર સરકારશ્રી તરફથી ૨૦૨૫–૨૬ની સુગર સીઝન માટે એફ.આર.પી.રૂા.૩૫૫/– પ્રતિ ક્વિન્ટલ બેઝીક રીકવરી ૧૦.૨૫ % મુજબ અને ૦.૧ % રીકવરીના વધારા માટે પ્રિમીયમ રૂા.૩.૪૬ નકકી કરેલ હતી, જેમાં વધારો કરી કેન્દ્ર સરકારશ્રી તરફથી ૨૦૨૬–૨૭ ની સુગર સીઝન માટે એફ.આર.પી. રૂા.૩૬૫/– પ્રતિ ક્વિન્ટલ બેઝીક રીકવરી ૧૦.૨૫ % મુજબ અને ૦.૧ % રીકવરીના વધારા માટે પ્રિમીયમ રૂા.૩.૫૬ નકકી કરેલ છે, આથી ગત વર્ષની સરખામણીમાં પ્રતિ ક્વિન્ટલ રૂા.૧૦/– નો વધારો થયેલ છે.

પેદાશોની ઉપજ :

હિસાબી વર્ષ દરમ્યાન મુકત બજારમાં વેચેલ ખાંડ ૫૬૮૦૩૫ ક્વીન્ટલ જેની સરેરાશ ઉપજ રૂા.૩૮૮૩.૧૦ પૈસા તથા ૮૮૮૦ ક્વીન્ટલ ખાંડ એક્ષપોર્ટ કરેલ જેની સરેરાશ ઉપજ ૪૫૦૦.૦૦ પૈસા તથા સભાસદોને આપેલ ખાંડ ૭૬૩૦ ક્વીન્ટલ જેની સરેરાશ ઉપજ રૂા.૩૧૦૫.૦૦ આમ કુલ ૫૮૪૫૪૫ ક્વીન્ટલ ખાંડ વેચાણ કરેલ હતી. જેની સરેરાશ ઉપજ રૂા.૩૮૮૨.૩૨ પૈસા થયેલ છે.

હિસાબી વર્ષ દરમ્યાન મોલાસીસ મુકત બજારમાં ૭૦૬૫.૪૬૦ મે.ટન વેચાણ કરેલ. જેની સરેરાશ ઉપજ રૂા. ૧૩૨૭૫.૯૪ પૈસા તથા ડીસ્ટીલરી પ્લાન્ટને ૧૨૦૦૦ મે.ટન આપેલ જેની સરેરાશ ઉપજ ૧૨૫૦૦.૦૦ પૈસા. આમ કુલ ૧૯૦૬૫.૪૬૦ મે.ટન વેચાણ તથા ડીસ્ટીલરી માં વપરાશ કરેલ છે. જેની સરેરાશ ઉપજ રૂા.૧૨૭૮૭.૫૬ પૈસા થયેલ છે.

હિસાબી વર્ષ દરમ્યાન બગાસ ૩૨૯૫૮.૩૫૦ મે.ટનનું વેચાણ કરેલ, જેની સરેરાશ ઉપજ રૂા.૨૯૬૪.૧૧ પૈસા થયેલ છે.

હિસાબી વર્ષ દરમ્યાન એબ્સોલ્યુટ આલ્કોહોલ ૨૧૫૪૭૨૧ લીટર વેચાણ કરેલ છે, જેની સરેરાશ ઉપજ રૂા.૬૦.૩૪ પૈસા થેલ તથા ડીનેચર્ડ સ્પીરીટ ૪૪૮૩૫૪ લીટર વેચાણ કરેલ છે, જેની સરેરાશ ઉપજ રૂા.૫૬.૪૨ પૈસા થયેલ છે.

પિલાણ સીઝન ૨૦૨૫–૨૬ ના શેરડીના ભાવ :

સંસ્થાએ સને ૨૦૨૫–૨૬ ના હિસાબી વર્ષ દરમ્યાન ખાંડ તથા આડપેદાશ વેચાણના આખરના સ્ટોકનું મુલ્યાંકન કરી હિસાબી વર્ષ દરમ્યાન ચુકવવાનું બાકી રહેલ વ્યાજ અને ડીપોઝીટ પરના વ્યાજની જોગવાઈ કરેલ છે. તેમજ આ સંચાલક મંડળ ધ્વારા સુગર યુનિટ માટે રૂા. ૪૯૫.૦૯ લાખ અને ડીસ્ટલરી યુનિટ માટે રૂા. ૬૫.૭૦ લાખ મળી કુલ રૂા.૫૬૩.૭૯ લાખ ઘસારાની જોગવાઈ કરેલ છે, ખાંડ નિયામકશ્રી, ગાંધીનગરના હુકમ મુજબ શેરડીના આખરી ભાવ નકકી કરતાં પહેલાં નબળાં વર્ષોમાં સંસ્થાના શેરડી પકવતાં ખેડૂત મિત્રોને એફ.આર.પી. પ્રમાણે ભાવ ચુકવી શકાય તે માટે પિલાણમાં આવેલ શેરડી ઉપર પ્રતિટન રૂા.૨૫/– પ્રમાણે અલગથી ભાવ સ્થિરીકરણ ફંડ (પ્રાઈઝ સ્ટેબીલાઈઝેશન ફંડ) કાઢી નાણાંકીય વર્ષ ૨૦૨૫–૨૬ ના વર્ષ માટે સભાસદોને શેરડીના ખેતર બેઠાનાં પ્રતિ ટન દીઠ ભાવ રૂા. ૩૭૨૫/– ગણી તેમાંથી લેન્ડ એન્ડ સાઈડ ડેવલપમેન્ટ ફંડ ટને રૂા.૨૫/– ની કપાત કરી હિસાબની ચુકવણી કરવામાં આવી છે.

તદઉપરાંત સંસ્થાની પિલાણ સીઝન દરમ્યાન શેરડી પિલાણનો કાર્યક્રમ જળવાઈ રહે, નિયમિત શેરડીનો પુરવઠો મળી રહે, બળેલી શેરડીનું પ્રમાણ ઘટે, રીકવરીમાં વધારો થાય, કાપણી મોડી થવાથી વજનમાં થતો ઘટાડો વિગેરે પરિબળોને ધ્યાનમાં રાખી સભાસદોની કારખાનામાં આવેલ શેરડી ઉપર નીચે મુજબ પ્રોત્સાહન સ્વરૂપે શેરડીના ભાવ ઉપરાંત ઈન્સેન્ટીવ પણ આપવાનું નકકી કરેલ.

જે મુજબ ફેબ્રુઆરી તથા માર્ચ – ૨૦૨૬ માસમાં કારખાનામાં આવેલ શેરડીના ટનદીઠ ઈન્સેન્ટીવ સાથે અનુક્રમે રૂા. ૩૮૨૫/– તથા રૂા. ૩૯૨૫/– ઈન્સેન્ટીવ સાથે આપવાનું નકકી કરેલ છે.

ગત વર્ષના મારા નિવેદનમાં જણાવ્યા મુજબ રીકવરીમાં જો રીકવરી સારી મળી રહેશે તો સૌથી વધારે ભાવ વધારો આપી શકીશું પરંતુ રીકવરીમાં ૨ નંબર પર આવવા છતાં સંસ્થાએ સને ૨૦૨૫–૨૬ની પિલાણ સીઝનમાં આવેલ શેરડીના ભાવો અન્ય સુગર ફેકટરીની સરખામણીમાં ગત વર્ષ કરતાં સૌથી વધુ ભાવ વધારો આપ્યો છે અને સુરત જીલ્લામાં પ્રથમ નંબરે શેરડીનો ભાવ આપવામાં સફળ રહયા છે. જેનું શ્રેય આપ સૌ સભાસદોએ અમારા પર મુકેલા વિશ્વાસ તથા સહકારનું પ્રતિબિંબ છે. સૌ સભાસદો સંસ્થાનું વાવેતર કરી જરૂરીયાત મુજબનો શેરડીનો જથ્થો પુરો પાડે એવી અમારી હાર્દિક અપીલ છે.

પ્લાન્ટ તથા મશીનરી અંગે :

પિલાણ સીઝન ૨૦૨૫–૨૬ માં ફેબ્રુઆરી–૨૦૨૬ સુધીમાં દૈનિક પિલાણ રાશ ૩૭૬૫ મે.ટન મળેલ હતી, તેમજ માર્ચ–૨૦૨૬ ના અંતે દૈનિક પિલાણ રાશ ૩૫૭૬ મે.ટન મળેલ છે, જે ઘટવાનું મુખ્ય કારણ હોળીનો તહેવાર નજીક આવતો હોય મજુરોની શોર્ટેજ ને કારણે દૈનિક પિલાણ રાશ ઘટવા પામેલ હતી.

સને ૨૦૨૫–૨૬ ઓફ સીઝનમાં બોયલીંગ હાઉસમાં ૩૦૦૦ સ્કવેર મીટર હીટીંગ સરફેસની બોડી (એફ.એફ.ઈ.) નવી લગાડવામાં આવેલ છે. જેના કારણે દૈનિક ૨૦૦ થી ૨૫૦ મે.ટન શેરડી પિલાણની ક્ષમતામાં વધારો થશે, તેમજ સ્ટીમની ૩% થી ૪% જેવી બચત થશે, જેના કારણે ૧.૫% થી ૨.૦% સુધી બગાસની બચત થશે.

તદઉપરાંત અત્યાર સુધી પેન કન્ડેશનર જે મેન્યુઅલ મોડમાં હતું તેને બદલીને ઓટોમેશન મોડમાં કરવામાં આવેલ છે. જેનાથી પેનમાં ખુબજ ઝડપથી વેકયુમ બનશે. ઈન્જેકશન પંપનાં વિજ વપરાશ ઘટશે અને પેન બોયલીંગ માં સુધારો થશે, અન્ય સુધારામાં ૩ નંગ પેનમાં મિકેનીકલ સરકયુલેટર લગાડવામાં આવેલ છે. જેના ફળ–સ્વરૂપે ઓવર ઓલ પરફોર્મન્સમાં સુધારો થશે. આ લગાડવા થી પેન બોયલીંગ ટાઈમમાં ઘટાડો થશે અને ૧૫ % થી ૨૦ % પેન કેપેસીટીમાં વધારો થશે. મેસ્કુટના એકઝોશનમાં વધારો થશે જેના કારણે એક સરખા ખાંડના દાણા બનશે અને શેરડી પિલાણની ક્ષમતામાં વધારો થશે.

ડીસ્ટીલરી યુનિટ અંગે :

સંસ્થાના ડીસ્ટીલરી પ્લાન્ટની રેકટીફાઈડ સ્પીરીટ બનાવવાની કેપેસીટી ૩૦ કે.એલ.પી.ડી. થી ૪૦ કે.એલ.પી.ડી. કરેલ અને ઈથેનોલ બનાવવાની કેપેસીટી ૨૫ કે.એલ.પી.ડી. થી ૩૨.૫ કે.એલ.પી.ડી. કરેલ હતી, જે અપગ્રેડેશન કર્યા પછી ડીસ્ટીલરીમાં પ્રતિદીન ૪૩૦૦૦ લીટર રેકટીફાઈડ–સ્પીરીટનું અને ઈથેનોલનું પ્રતિદીન ૩૨૦૦૦ લીટરનું ઉત્પાદન થયેલ છે. સીઝન ૨૦૨૬–૨૭ માં ડીસ્ટીલરી યુનિટમાં પ્રતિદીન ૪૫૦૦૦ લીટર તેમજ સીઝન દરમ્યાન ૫૫,૦૦,૦૦૦ લીટર રેકટીફાઈડ–સ્પીરીટનું તેમજ ૪૦,૦૦,૦૦૦ લીટર એબ્સોલ્યુટ આલ્કોહોલનું ઉત્પાદન કરવાનો લક્ષ્યાંક નકકી કરેલ છે.

ખેતી વિભાગ માહીતી :

જમીન સુધારણાના લાંબાગાળાના ફાયદાને ધ્યાનમાં રાખીને આપણી સંસ્થા ધ્વારા ગત સીઝન દરમ્યાન સભાસદોને કુલ ૧૨૧૦૭.૨૯૦ મે.ટન બાયો કમ્પોસ્ટ ખાતર તથા વર્મી કમ્પોસ્ટની ૪૭૨૨ બેગનું રાહત દરથી ખેતર બેઠાં વિતરણ કરેલ છે.

હાલ બાયો–કમ્પોસ્ટ પ્લાન્ટ ખાતે સ્પેન્ટ વોશનો વપરાશ કરી ઉચ્ચ ગુણવત્તાવાળું કમ્પોસ્ટ ખાતર બનાવીને ઉત્પાદન ખર્ચને ધ્યાનમાં રાખી સભાસદોને ઓછા ભાવે વેચાણ કરવામાં આવે છે. બાયો–કમ્પોસ્ટ ખાતરના વપરાશ થકી સભાસદોને સારા પરિણામો મળેલ છે. રાજય સરકારશ્રી ધ્વારા બાયો–કમ્પોસ્ટ ખાતર તેમજ વર્મી–કમ્પોસ્ટ ખાતરની સબસીડી આપવામાં આવે છે જે સબસીડી સભાસદોના ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવે છે.

રાજય સરકાર તરફથી સને ૨૦૨૫–૨૬ ના વર્ષ માટે શેરડી ઉત્પાદકતા તથા ઉત્પાદન વધારવા માટે નાણાંકીય સહાય પેકેજ (સબસીડી) જાહેર થયેલ જે અનુસંધાને આપણી સંસ્થાએ બાયો–કમ્પોસ્ટ ખાતરના વેચાણ સામે રૂા.૧૦૦/– પ્રતિ મે.ટને તથા વર્મી કમ્પોસ્ટ બેગના વેચાણ સામે રૂા.૫૦/– પ્રતિ બેગના લાભાર્થીઓને સહાય મળે તે હેતુસર દરખાસ્ત ખાંડ નિયામકશ્રી, ગાંધીનગરને સાદર કરેલ છે.

ગત વર્ષ દરમ્યાન આપણે કુલ જુદી–જુદી શેરડીની જાતો માટે ૪૩૮૬.૨૦૦ મે.ટન શેરડી બિયારણનો જથ્થો સભાસદોને પુરો પાડેલ છે. સારૂં બિયારણ વાપરી ઉત્પાદન ક્ષમતા વધારવા માટે પ્રયત્નશીલ બની રહો તેવી મારી

આપને આગ્રહભરી અપીલ છે. આ ઉપરાંત સંસ્થા ધ્વારા ઓછા ખર્ચે વધુ ઉત્પાદન મેળવવાના આશયથી વિવિધ શેરડી જાતોના સીંગલ આઈ બડ કોકોપીટ માધ્યમમાં ઉછારેલ શેરડીના રોપાઓ સભાસદોને રાહત દરે પુરા પાડેલ છે. જેમાં જીલ્લા પંચાયત સ્વભંડોળ યોજના હેઠળ કુલ ૧૪,૫૦,૦૦૦/– રૂપિયાની સબસીડીનો લાભ ખેડૂત સભાસદોને આપવામાં આવેલ છે. તદઉપરાંત ચાલુ વર્ષે પણ આ યોજનાનો લાભ સભાસદોને જીલ્લા પંચાયત તરફથી આપવામાં આવનાર છે.

સરકારશ્રી ધ્વારા મંજૂર કરેલ "શેરડી પાકનું ઉત્પાદન અને ઉત્પાદકતા વધારવા અનુસૂચિત જાતિના ખેડૂતોને સહાય" યોજનામાં રોપાણ કરનાર વધુમાં વધુ ખેડૂતોને લાભ મળે તે માટેના પ્રયત્નો હાથ ધરેલ છે તથા ચાલુ વર્ષે પણ રોપાણ કરનાર ખેડૂતોને "આઈ ખેડૂત પોર્ટલ" પર નામ નોંધાવવા આગ્રહભરી અપીલ છે.

શેરડી ઉત્પાદનમાં થનાર ઘટાડા અંગે સભાસદ/ખેડૂત મિત્રોને આધુનિક વૈજ્ઞાનિક માર્ગદર્શન મળી રહે તે હેતુથી સુરત ડીસ્ટ્રી. કો–ઓપ. બેંક તેમજ આપણી સંસ્થાના સંયુકત ઉપક્રમે કૃષિ યુનિવર્સીટીના શેરડી સંશોધન કેન્દ્રના કૃષિ વૈજ્ઞાનિકો, જમીન અને સિંચાઈ ક્ષેત્રના નિષ્ણાંતો સાથે પરીસંવાદ યોજવાનો કાર્યક્રમ નકકી થયે આપને જાણ કરવામાં આવશે. આ સેમીનારનો પણ લાભ લેવા તમામ સભાસદોને અનુરોધ કરૂં છું.

સભાસદ અકસ્માત વીમા પોલિસી અંગે :

સંસ્થાના તમામ સભાસદો તેમજ કામદાર–કર્મચારીઓને અકસ્માત વીમા યોજનાના કવરેજમાં સાંકળી લેવામાં આવેલ છે. જેમાં અકસ્માતથી થતાં અકાળ અવસાન, કાયમી સંપૂર્ણ અક્ષમતા કે હાથ–પગ અને આંખ જેવા અંગ ગુમાવવાથી સભાસદોને તેમજ કામદાર/કર્મચારીઓને મદદરૂપ થઈ શકાય તે માટે આપણી સંસ્થા તરફથી સભાસદ તેમજ કામદાર/કર્મચારી દીઠ રૂા.૩,૦૦,૦૦૦/– અકસ્માત વીમા પોલીસી લેવામાં આવેલ છે. ઈન્સ્યુરન્સની કાર્યવાહીમાં સરળતા રહે તે માટે અકસ્માત થયા બાદ વહેલી તકે સંસ્થાને લેખિતમાં જાણ કરવી જરૂરી છે તેમજ તે અંગેના જરૂરી દસ્તાવેજો રજુ કરવાના રહેશે જેથી તાકીદે કલેઈમ મેળવવાની કાર્યવાહી થઈ શકે. વર્ષ દરમ્યાન ૦૬ સભાસદોના અકસ્માતે અવસાન થતાં તેમના દરેક વારસદારને વીમા કલેઈમની રકમ ચુકવી આપણે સહાયભૂત થયા છીએ.

મોબાઈલ એપ્લીકેશન :

આપણી સંસ્થાના સભાસદોની વધુ સગવડતાને ધ્યાને લઈ સભાસદોના મોબાઈલમાં સીધે–સીધી ઘર બેઠાં પુરતી માહિતી મળી રહે જેવીકે, સભાસદોની શેરડી રોપાણની બ્લોક વાઈઝ તમામ વિગતો, શેરડી કાપણી પુરી વિગત, શેરડીમાં પાણીબંધની જાણ, શેરડી વાવેતર ફાળવણી અંગેની માહિતી, બ્લોક વાઈઝ કુલ વજન, સારી તેમજ બળેલી શેરડીની બ્લોક વાઈઝ માહિતી, એગ્રી સ્લીપ વાઈઝ વજન, સમયાંતરે જરૂરી નીકળતાં સરકયુલર/માહિતી આમ સદર માહિતી ગુજરાતી તેમજ અંગ્રેજી ભાષામાં ઉપલબ્ધ રહેશે. જેના માટે સભાસદોએ પોતાના આઈ ફોન / એન્ડ્રોઈડ ફોનમાં "કામરેજ સુગર" ધ્વારા બનાવેલ એપ્લીકેશન ડાઉનલોડ કરી જરૂરી માહિતી મેળવી શકો છો.

આભાર દર્શન :

આપણી સંસ્થાને વર્ષ દરમ્યાન કામકાજમાં ઉમદા સાથ–સહકાર મળ્યો છે તે બદલ નીચે જણાવેલ સર્વે પ્રત્યે આભારની લાગણી વ્યકત કરૂં છું.

કેન્દ્ર સરકાર તેમજ રાજય સરકાર તરફથી આપણાં રાજયનો ખાંડ ઉદ્યોગ સક્ષમ બને તે માટે બજેટમાં અલગથી જોગવાઈ કરી જુદી–જુદી યોજનાઓ થકી આર.કે.વી.વાય. યોજના હેઠળ જુદા–જુદા પ્રોજેકટ ઉપર અવાર–નવાર સહાય કરવામાં આવેલ છે. જે બદલ આ તકે માનનીય મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ તથા નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ રમેશકુમાર સંઘવી ગૃહમંત્રી (રાજય કક્ષા) રમત–ગમત અને યુવક સેવા, વાહન વ્યવહારમંત્રી તથા કેન્દ્રીય જળ–શકિત મંત્રી શ્રી સી.આર.પાટીલ સાહેબ તથા નાણા, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણના કેબીનેટ મંત્રીશ્રી કનુભાઈ મોહનલાલ દેસાઈ તથા પૂર્વ સહકાર મંત્રી તેમજ ગુજરાત ભા.જ.પ સંગઠન પ્રમુખશ્રી જગદીશભાઈ પંચાલ તથા કૃષિ અને ખેડૂત કલ્યાણ, સહકાર, પશુપાલન, ગૌસંર્વધન, મત્સ્યોદ્યોગ, પ્રોટોકોલના કેબીનેટ મંત્રીશ્રી જીતુભાઈ સવજીભાઈ વાઘાણી કે જેઓ સમગ્ર ગુજરાતની પરીસ્થિતી થી વાકેફ છે તેઓ ખાંડ ઉદ્યોગના વિવિધ પ્રશ્નો તથા કૃષિ આધારીત ઉદ્યોગોને વાચા આપી સહકારી ઉદ્યોગને મહત્વનું યોગદાન આપશે તથા જળસંપતિ, પાણી પુરવઠા (સ્વતંત્ર હવાલો)

રાજય કક્ષાના મંત્રીશ્રી ઈશ્વરભાઈ ઠાકોરભાઈ પટેલ કે જેઓ ખેડૂતોના સિંચાઈના પ્રશ્નો, ન્હેરના વિવિધ પ્રશ્નોના ઉકેલ લાવવામાં સહાયરૂપ થશે એવી આશા રાખુ છું તથા આરોગ્ય, પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ(સ્વતંત્ર હવાલો) પ્રોટોકોલ રાજયકક્ષાના મંત્રીશ્રી પ્રફુલભાઈ છગનભાઈ પાનસુરીયા તથા વન અને પર્યાવરણ, કલાઈમેટ ચેન્જ, જળસંપતિ અને પાણી પુરવઠા માજી મંત્રીશ્રી મુકેશભાઈ ઝીણાભાઈ પટેલ તથા આદીજાતિ વિકાસ, ગ્રામ્ય વિકાસ, શ્રમ અને રોજગાર માજી મંત્રીશ્રી કુંવરજીભાઈ નરસિંહભાઈ હળપતિ તથા બારડોલી લોક સભાના ક્ષેત્રના સાંસદ શ્રી પરભુભાઈ નાગરભાઈ વસાવા તરફથી વખતો–વખત સહકારની ભાવનાથી જરૂરીયાતના સમયે પુરતી મદદ કરી છે જે બદલ તેમનો હું હાર્દિક આભાર માનુ છું તથા ભુતપૂર્વ આદીજાતિ, વિકાસ પ્રવાસન, વનમંત્રીશ્રી ગણપતભાઈ વસાવા તેમજ સરકારી અધિકારીશ્રીઓ, અન્ય આગેવાનોએ સંસ્થાના નાના–મોટા પ્રશ્નો હલ કરવામાં જે મદદ કરી છે તેમના પ્રત્યે આભારની લાગણી વ્યકત કરૂં છું.

આપણી સંસ્થાને પ્રત્યક્ષ યા પરોક્ષરીતે સહાયરૂપ થનાર એવા તમામ કેબીનેટ કક્ષાના તથા રાજય કક્ષાના મંત્રીશ્રીઓ તથા સહકાર, સિંચાઈ, નાણાં વન અને ઉદ્યોગ ખાતાના માનનીય મંત્રીશ્રીઓ, સચિવશ્રીઓ, સહકાર કમિશ્નરશ્રી, સ્પે.ઓડિટરશ્રી (સુગર) તથા ગુજરાત રાજયના ખાંડ નિયામકશ્રી, સંયુકત રજીસ્ટ્રારશ્રી (સુગર), કલેકટરશ્રી, નાયબ કલેકટરશ્રી, જીલ્લા પંચાયત તથા તાલુકા પંચાયતના પ્રમુખશ્રી તેમજ સદસ્યશ્રીઓ, મામલતદારશ્રી, જીલ્લા રજીસ્ટ્રારશ્રી (સુગર) તેમજ આપણા વિસ્તારના માનનીય સંસદસભ્યશ્રી, ધારાસભ્યશ્રી, સરકારશ્રીના શ્રમ વિભાગના અધિકારીશ્રીઓ તથા નશાબંધી અને આબકારી ખાતાના અધિકારીશ્રીઓ, તેમજ અન્ય વિવિધ ખાતાકીય અધિકારીશ્રીઓ તરફથી વખતો–વખત સહકાર મળ્યો છે જે બદલ તેમનો હું હાર્દિક આભાર માનું છું.

સંસ્થાના નાણાંકીય વ્યવહારો તથા જરૂરીયાતો પુરી પાડવા માટે ધી સુરત ડીસ્ટ્રીકટ કો–ઓપ.બેંક લી., દેનાબેંક, સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા, બેંક ઓફ બરોડા, સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડીયા, બેંક ઓફ ઈન્ડીયા, યુનિયન બેંક ઓફ ઈન્ડીયા તેમજ અન્ય બેંકના શાખાના પદાધિકારીઓ તેમજ અધિકારીઓએ સંસ્થાના રોજબરોજના આર્થિક વ્યવહારની નિયમિતતા જાળવી રાખવા ઉપરોકત બેંકો તરફથી મળેલ સહકાર માટે એમનો આભાર માનું છું.

નેશનલ ફેડરેશન ઓફ કો–ઓપરેટીવ સુગર ફેકટરીઝ લી., ન્યુ દિલ્હી તથા ગુજરાત રાજય સહકારી ખાંડ ઉદ્યોગ સંઘ લી. ગાંધીનગરના પ્રમુખશ્રી તથા ઉપ–પ્રમુખશ્રીના માર્ગદર્શન અને વખતો–વખત મળેલ સલાહ–સૂચનો માટે તેમનો હું આભાર માનું છું તેમજ આજુબાજુની ખાંડ મંડળીઓ, સુમુલ ડેરી, સુરત તથા સ્થાનિક સહકારી સંસ્થાઓએ જે સહકારની ભાવનાથી જરૂરીયાતના સમયે પુરતી મદદ કરી છે તે બદલ હું તેમના સંચાલક મંડળનો આભાર માનું છું.

સંસ્થાની વર્તમાન કામગીરીમાં ઉપપ્રમુખ શ્રીમતી છાયાબેન મહિપાલસિંહ ગોહિલ તેમજ સંચાલક મંડળના મારા સાથી સભ્યશ્રીઓ સંસ્થાના વિકાસ માટે સતત પ્રયત્નશીલ રહયાં છે તેમજ મેનેજીંગ ડીરેકટરશ્રી કેશવ નિવૃત્તિ કાપસે, વિભાગીય વડા, કામદાર–કર્મચારી ભાઈઓ વિગેરે જે ખંત, નિષ્ઠા અને પ્રમાણિકતાથી પોતાની ફરજો અદા કરી સંસ્થાની કામગીરી કરેલ છે તેની નોંધ લઈ ખૂબ–ખૂબ અભિનંદન પાઠવું છું તેમજ સંસ્થાના હિતેચ્છુ અને શુભ ચિંતકોએ સંસ્થાને પ્રગતિના પંથે લઈ જવામાં જે સાથ–સહકાર અને માર્ગદર્શન પુરા પાડેલ છે તે બદલ સૌનો આભારી છું.

કામરેજ સુગર ફેકટરીને શેરડી પુરી પાડતાં ખેડૂતોનું સ્વસહાય જુથના હોદ્દેદારો અને સભ્યો મારફત થતી શેરડી કાપણી અને વાહતુકમાં રોકાયેલ તમામ શેરડી કાપણી શ્રમિકો, સભાસદ ટ્રક માલિકો અને ગ્રામ–પ્રતિનિધીશ્રીઓ તેમજ નવીપારડી ગ્રામ પંચાયતના તલાટી–કમ–મંત્રીશ્રી, સરપંચશ્રી તથા સભ્યશ્રીઓ તથા સર્વે સભાસદ ભાઈ–બહેનોનો આ તકે ખાસ આભાર માનું છું.

આપણી સંસ્થાના કાર્યક્ષેત્રના સામાજીક તથા આર્થિક વિકાસ માટે પ્રમુખ તરીકે સુકાન સોંપી સભાસદ ભાઈઓએ મારામાં જે વિશ્વાસ મુકી તક આપેલ છે તે બદલ સૌ સભાસદ ભાઈ–બહેનોનો આભાર માનું છું અને અત્રેથી શુભકામના સાથે મારૂં નિવેદન પુરૂં કરૂં છું.

લિ.આપનો સહકારી,

અશ્વિનભાઈ બી. પટેલ
પ્રમુખશ્રી

MAHESH P. PATEL
CHARTERED ACCOUNTANTS

Office:
128, Ambedkar Shopping Center,
Mann Dawaja, Ring Road,
Surat - 395 002
Ph.: (O) 0261-236 7353
(M)+91-93747 21989

પ્રતિ,
શ્રી સભાસદો
શ્રી કામરેજ વિભાગ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લી.
મું.પો.નવી પારડી, તા. કામરેજ, જી.સુરત.

વૈજ્ઞાનિક અન્વેષણ અહેવાલ

અમોએ શ્રી કામરેજ વિભાગ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લી.મું.પો.નવી પારડી, તા. કામરેજ, જી.સુરત ના નાણાકીય વર્ષ ૨૦૨૪–૨૫ ના રોજના વહીવટી હિસાબી પત્રકોનું અન્વેષણ કાર્ય પૂર્ણ કરેલ છે. અમારી જવાબદારી સંચાલકો ધ્વારા તૈયાર કરવામાં આવેલ અન્વેષણ કાર્યના આધાર સ્વરૂપે અમારું મંતવ્ય અને અહેવાલ સ્પષ્ટ રૂપે વાર્ષિક નાણાકીય પત્રકો અંગે રજુ કરવાની છે.

અમારું અન્વેષણ કાર્ય ગુજરાત કો.ઓપરેટીવ સોસાયટી એક્ટ, ૧૯૬૧ અનુસંધાને કરવામાં આવેલ છે. ઉપરાંત ભારતમાં પ્રવર્તમાન હિસાબી ધારા ધોરણ (એકાઉન્ટીગ સ્ટાન્ડર્સ) ના સંદર્ભને અનુસરી ને અમોએ નાણાકીય પત્રકોનું અન્વેષણ કાર્ય " ટેસ્ટ બેસીઝ " મુજબ ચકાસણી કરીને પૂર્ણ કરેલ છે. જે માટે અમોએ નાણાકીય પત્રકોનું પૃથક્કરણ અને વર્ગીકૃત કરેલ માહિતી વ્યાજબી સ્વરૂપે અંદાજ લઈને અમારો અહેવાલ રજુ કરેલ છે. અમોએ તા.૩૧/૦૩/૨૦૨૫ ના રોજનું પાકું સરવૈયું તથા તેજ તારીખે પુરા થતા વર્ષનું નફા નુકશાન ખાતું તપાસેલ છે અને તે સાથે અમારા વૈજ્ઞાનિક અન્વેષણ અહેવાલમાં જણાવેલ ખામીઓ તથા સૂચનાઓ આધીન સાચું અને યથાર્થ માલુમ પડેલ છે અને અમો નિવેદન કરીએ છીએ કે,

૧. અમારા મત મુજબ અમોને મળેલ માહિતી અને ખુલાસાઓ, હિસાબો અંગેના અહેવાલ અમારી ખામીઓ તથા સુચનો અંગે નોંધને આધીન સંસ્થાના હિસાબી ચોપડાઓમાં દર્શાવ્યા પ્રમાણે ખાંડ મંડળીનું સદર સરવૈયું સાચું અને વાસ્તવિક ચિત્ર દર્શાવે છે.
૨. અમારા મતે અન્ય માન્યતા મુજબ અમોને તમામ માહિતી અને ખુલાસાઓ મળેલ છે.
૩. તા.૩૧/૦૩/૨૦૨૫ ના રોજનું સરવૈયું સંસ્થાની સાચી અને યથાર્થ પરિસ્થિતિ દર્શાવે છે.
૪. તા.૩૧/૦૩/૨૦૨૫ ના રોજ પુરા થતા નાણાકીય વર્ષનું નફા–નુકસાન ખાતું સંસ્થાનો સાચો અને યથાર્થ નફો દર્શાવે છે.
૫. અમારા મત મુજબ સંસ્થાઓ કાયદા પ્રમાણે જરૂરી હિસાબી ચોપડાઓ દફતરે રાખેલ છે.
૬. અમારા અન્વેષણ વર્ષ ૨૦૨૪–૨૫ ના વિગતવાર વૈજ્ઞાનિક અન્વેષણ અહેવાલમાં આપેલ શેરાઓને (સામાન્ય શેરો ભાગ – ૧, ૨ અને ૩) આધીન રહીને તથા તેમાં આપેલ સૂચનો તથા અસરોને આધીન આ સરવૈયું સાચું હોવાનું પ્રમાણિત કરવામાં આવે છે.

સ્થળ : સુરત
તા.૨૯/૬/૨૦૨૬

MAHESH P. PATEL • CHARTERED ACCOUNTANTS • M.NO. 31652

મહેશ પી. પટેલ
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ

વૈજ્ઞાનિક ઓડીટર
પેનલ લીસ્ટ નંબર : SUR/IND/1
UDIN – 26031652KXISTF6816

શ્રી કામરેજ વિભાગ સહકારી ખાંડ

તા. ૩૧મી માર્ચ ૨૦૨૬ ના

૨૦૨૪–૨૦૨૫	કેપીટલ તથા દેવુ	રકમ રૂા.	૨૦૨૫–૨૬
૧	૨	૩	૪
	શ્રી સતાવાર શેર કેપીટલ		
૩૫,૦૦,૦૦,૦૦૦.૦૦	શેર નંગ ૮૭૫૦૦ દરેકની કિંમત રૂા. ૪૦૦૦.૦૦		૩૫,૦૦,૦૦,૦૦૦.૦૦
	શ્રી ભરપાઈ થવા કાદેલ શેર કેપીટલ		
૩૫,૦૦,૦૦,૦૦૦.૦૦	૧. ઓર્ડીનરી શેર નંગ ૮૭૫૦૦	૩૫,૦૦,૦૦,૦૦૦.૦૦	
	દરેકની કિંમત રૂા. ૪૦૦૦.૦૦		
૩૫,૦૦,૦૦,૦૦૦.૦૦			૩૫,૦૦,૦૦,૦૦૦.૦૦
	શ્રી ભરપાઈ તથા વસુલ આવેલ શેર કેપીટલ		
૩૪,૧૩,૯૯,૯૦૨	૧. સભાસદોનું		૩૪,૧૪,૬૧,૭૫૨.૦૦
૧,૫૨,૫૩૩.૦૦	શ્રી શેર અનામત ભંડોળ		૧,૫૨,૫૩૩.૦૦
૮૩,૧૧,૧૨,૧૭૨.૩૮	શ્રી ઘસારા, રીઝર્વ તથા અન્ય ફંડો (પત્રક–૧)		૯૦,૨૨,૦૪,૭૨૧.૯૫
૧,૮૬,૧૬,૧૪,૧૮૨.૦૦	શ્રી રીવેલ્યુએશન રીઝર્વ		૧,૮૫,૫૮,૬૬,૨૮૭.૦૦
૮૯,૫૬,૮૪૬.૪૫	શ્રી સભાસદ બચત થાપણ (પત્રક–૨)		૬,૭૦,૦૦૦.૦૦
૨૬,૨૮,૪૭,૦૨૦.૯૪	શ્રી બેંક ઓવરડ્રાફટ તથા (તારણવાળી) લોન (પત્રક–૩)		૩૦,૪૬,૭૦,૦૦૯.૪૪
૭,૬૫,૮૭,૬૪૮.૦૦	શ્રી સભાસદો થાપણ (તારણવગરની) (પત્રક–૪)		૭,૨૮,૬૮,૦૨૬.૦૦
૧,૫૩,૫૫,૯૨,૧૧૭.૯૦	શ્રી શેરડી અંગેના દેવા		૧,૫૦,૬૯,૮૫,૯૧૮.૮૧
	શ્રી ખર્ચ, ખરીદી અને અન્ય દેવા તથા જોગવાઇઓ		
૩,૦૦,૯૫,૭૨૯.૦૧	૧. શ્રી ચુકવવા બાકી વ્યાજ	૩,૨૮,૪૭,૦૦૨.૪૧	
૧,૪૧,૧૫,૮૯૮.૦૦	૨. શ્રી વેટ/જીએસટી જોગવાઇ	૧,૧૮,૯૬,૫૯૯.૦૦	
૨૫,૫૨,૮૯૦.૧૬	૩. શ્રી ખર્ચ અને ખરીદી અંગેના દેવા	૨૫,૦૩,૮૩૮.૯૦	
૪,૦૩,૬૨,૯૧૧.૯૦	૪. શ્રી અન્ય દેવુ	૨,૫૧,૯૭,૮૧૬.૭૯	
૧૨,૪૪,૧૮,૩૫૫.૬૯	૫. સભાસદ શેરડી હિસાબ જમા	૧૨,૪૯,૫૮,૨૬૬.૯૫	
૨૧,૧૫,૪૫,૭૮૪.૭૬			૧૯,૭૪,૦૩,૫૨૪.૦૫
	શ્રી નફા નુકશાન ખાતુ		
૯,૦૪,૭૯૬.૫૦	ગઇ સાલના સરવૈયા મુજબની બાકી	૯,૮૯,૬૯૫.૨૦	
૮૪,૮૯૮.૭૦	ઉમેરો ચાલુ વર્ષ દરમ્યાન નફો	૪૬,૨૩૬.૫૪	
૯,૮૯,૬૯૫.૨૦			૧૦,૩૫,૯૩૧.૭૪
૫,૧૩,૦૭,૯૭,૯૦૨.૬૩	**કુલ સરવાળો**		**૫,૧૮,૩૩,૧૮,૭૦૩.૯૯**

અમારા આ જ તારીખના અહેવાલ મુજબ સામાન્ય શેરોને આધિન બરાબર માલમ પડયું છે.

તારીખ – ૨૯/૦૬/૨૦૨૬

UDIN - 26031652KXISTF6816

મહેશ પી. પટેલ
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ
વૈધાનિક અન્વેષક પેનલ નંબર – **SUR/IND/1**

ઉદ્યોગ મંડળી લી. નવીપારડી

રોજનું પાકુ સરવૈયું

૨૦૨૪-૨૫	મિલ્કત તથા લેણા	રકમ રૂા.	૨૦૨૫-૨૬
૫	૬	૭	૮
૨,૯૩,૬૫,૧૩,૭૮૫.૩૩	શ્રી સ્થાયી મિલકતો (મુળ કિમંતે)		૩,૦૦,૧૩,૪૩,૪૨૭.૮૪
૧,૬૫,૯૦,૦૦૦.૦૦	શ્રી રોકાણો (મુળ કિમંતે)		૧,૬૫,૯૦,૦૦૦.૦૦
	શ્રી ચલણી મિલકતો		
૪,૪૭,૫૮,૨૦૬.૧૮	૧. સ્ટોર્સ	૪,૫૦,૮૫,૮૫૭.૭૮	
૩,૪૨,૪૪૮.૧૫	૨. ડીઝલ	૨,૫૩,૦૧૩.૩૭	
૨૬,૪૦૯.૭૪	૩. સ્ટેશનરી સ્ટોક	૩૭,૨૨૮.૮૩	૪,૫૩,૭૬,૦૯૯.૯૮
૪,૫૧,૨૭,૦૬૪.૦૭			
	૪. માલ સ્ટોક		
૧,૪૧,૨૨,૮૪,૭૫૦.૦૦	૧. ખાંડ	૧,૩૨,૪૩,૬૭,૦૦૦.૦૦	
૨,૪૦,૦૫,૬૦૦.૦૦	૨. મોલાસીસ	૭,૭૪,૧૮,૫૪૦.૦૦	
૧૮,૨૬,૦૦૦.૦૦	૩. બગાસ	૨,૦૦,૦૦૦.૦૦	
૧,૪૩,૮૧,૧૬,૩૫૦.૦૦	(મેનેજીંગ ડિરેકટરશ્રીએ પ્રમાણિત કરેલ યાદી મુજબ)		૧,૪૦,૧૯,૮૫,૫૪૦.૦૦
	શ્રી લોન એડવાન્સીસ, ખરીદી અને ખર્ચ અંગેના એડવાન્સ		
૨,૬૭,૪૬,૧૨૦.૬૮	૧. સભાસદ પાક ધીરાણ	૨,૦૧,૭૫,૪૮૩.૫૩	
૩૦,૩૧,૬૬૬.૪૧	૨. શ્રી ખર્ચ અને ખરીદી અંગેના દેવા	૨૮,૧૭,૪૮૩.૬૬	
૩૦,૮૬,૧૦,૫૩૧.૮૩	૩. એડવાન્સ ખર્ચ તથા અન્ય લેણું	૩૧,૯૬,૯૧,૬૦૬.૮૭	
૩૩,૮૩,૮૮,૩૧૮.૯૨			૩૪,૨૬,૮૪,૫૭૪.૦૬
	શ્રી રોકડ તથા બેંક સિલક		
૯,૯૪,૩૦૦.૦૦	૧. બેંક ગેરેન્ટી ડીપોઝીટ	૩,૦૪,૩૦૦.૦૦	
૨૬,૩૯,૧૧,૨૪૪.૩૧	૨. બેંક સિલક	૧૬,૨૦,૧૭,૦૯૮.૧૧	
૪,૮૩,૯૪૦.૦૦	૩. રોકડ સિલક	૯,૭૦,૫૩૭.૦૦	
૯,૦૬,૭૨,૯૦૦.૦૦	૪. કોલ ડીપોઝીટ	૨૧,૨૦,૪૭,૧૨૭.૦૦	
૩૫,૬૦,૬૨,૩૮૪.૩૧			૩૭,૫૩,૩૯,૦૬૨.૧૧
૫,૧૩,૦૭,૯૭,૯૦૨.૬૩	**કુલ સરવાળો**		**૫,૧૮,૩૩,૧૮,૭૦૩.૯૯**

જયેશ એ. પટેલ
ચીફ એકાઉન્ટન્ટ

કેશવ એન. કાપસે
મેનેજીંગ ડિરેકટર

અશ્વિનભાઈ બી. પટેલ
પ્રમુખશ્રી

શ્રી કામરેજ વિભાગ સહકારી ખાંડ

તા. ૩૧મી માર્ચ ૨૦૨૬ના રોજ પુરા

૨૦૨૪–૨૫	ખર્ચ	રકમ રૂા.	૨૦૨૫–૨૬
૧	૨	૩	૪
	શેરડી ખરીદી		
૨,૦૧,૧૬,૫૧,૮૩૬.૦૫	શેરડી ખરીદી (૪૯૪૯૨૩.૫૪૮ – ટન)		૨,૧૯,૧૩,૭૮,૨૯૦.૭૪
૯૫,૮૨૫.૯૪	શેરડી સુધારણા ખર્ચ		૧૪,૧૪૪.૭૬
	ઉત્પાદન ખર્ચ		
૧૭,૮૩,૯૬,૪૯૧.૯૯	૧. શ્રી સ્ટાફ પગાર	૧૮,૦૫,૨૨,૮૦૧.૦૦	
૩૫,૯૯,૨૦૩.૨૭	૨. શ્રી બળતણ ખર્ચ	૩૮,૨૦,૬૭૩.૪૯	
૧,૫૯,૪૦,૮૨૭.૯૯	૩. શ્રી કેમીકલ ખર્ચ	૨,૩૭,૩૫,૦૯૭.૭૪	
૨૯,૦૭,૩૫૯.૫૧	૪. શ્રી ઓઈલ અને લુબ્રીકેન્ટ ખર્ચ	૨૭,૫૬,૪૯૮.૯૩	
૧,૮૬,૨૭,૮૭૧.૯૮	૫. શ્રી પેકીંગ ખર્ચ	૨,૩૭,૬૬,૫૩૫.૭૭	
૪,૮૯,૬૯,૪૫૪.૫૭	૬. શ્રી મશીનરી રીપેર્સ અને મેઈનટેનન્સ	૫,૧૪,૭૨,૧૨૭.૮૮	
૩૬,૬૬,૭૨૩.૨૮	૭. શ્રી ફેક્ટરી ઈલેક્ટ્રીક ખર્ચ	૩૯,૨૧,૯૪૬.૭૭	
૪,૧૬,૬૦૮.૦૦	૮. શ્રી વોટર સપ્લાય ખર્ચ	૬,૯૮,૭૯૨.૦૪	
૧૦,૯૧,૯૬૭.૬૨	૯. શ્રી સુગર કેઈન ફીડીંગ ખર્ચ	૧૧,૮૪,૨૧૫.૫૭	
૨૧,૫૯,૬૦૬.૮૨	૧૦. શ્રી લેબોરેટરી ખર્ચ	૫૮,૭૯૭.૧૧	
૩૬,૩૧,૫૨૨.૩૫	૧૧. શ્રી પરચુરણ ખર્ચ	૨૦,૭૧,૯૧૦.૮૧	
૧૫,૬૩,૩૭૩.૦૦	૧૨. શ્રી ટ્રાન્સપોર્ટ એન્ડ લેબર ખર્ચ	૧૭,૯૯,૫૬૭.૬૦	
૨૮,૦૯,૭૧,૦૧૦.૩૮			૨૯,૫૮,૦૮,૯૬૪.૭૧
૩,૩૦,૨૬,૦૨૫.૦૦	શ્રી ઘસારા ખર્ચ		૪,૯૫,૦૯,૧૦૫.૨૫
૫૬,૬૭,૯૬૯.૦૮	શ્રી વેપારી નફો (નફા નુકશાન ખાતે લઈ જતા)		૪,૭૬,૪૯,૮૨૫.૩૬
૨,૩૩,૧૪,૧૨,૬૬૬.૪૫	**કુલ સરવાળો**		**૨,૫૮,૪૩,૬૦,૩૩૦.૮૨**

અમારા આ જ તારીખના અહેવાલ મુજબ સામાન્ય શેરોને આધિન બરાબર માલમ પડયું છે.

તારીખ – ૨૯/૦૬/૨૦૨૬

UDIN - 26031652KXISTF6816

મહેશ પી. પટેલ
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ
વૈધાનિક અન્વેષક પેનલ નંબર – **SUR/IND/1**

ઉદ્યોગ મંડળી લી. નવીપારડી

વર્ષનું ઉત્પાદન અને વેપાર ખાતું

૨૦૨૪–૨૫	આવક		રકમ રૂા.	૨૦૨૫–૨૬
૫	૬		૭	૮
૧,૯૫,૮૧,૦૬,૬૪૮.૦૦	**ખાંડ વેચાણ ગુણી**	૫૮૪૫૪૫	૨,૨૬,૯૩,૮૮,૫૨૩.૦૦	
	ઉમેરો			
૧,૩૯,૯૨,૧૪,૭૫૦.૦૦	બંધ સ્ટોક (તા. ૩૧/૦૩/૨૦૨૬)	૩૬૩૪૨૫	૧,૩૨,૨૮,૬૭,૦૦૦.૦૦	
૧,૩૦,૭૦,૦૦૦.૦૦	સ્ટોક ઈન પ્રોસેસ	૭૫૦	૧૫,૦૦,૦૦૦.૦૦	
	બાદ			
૧,૩૭,૦૦,૮૪,૧૦૦.૦૦	શરૂનો સ્ટોક (તા. ૦૧/૦૪/૨૦૨૫)	૩૯૪૧૪૫	૧,૩૯,૯૨,૧૪,૭૫૦.૦૦	
૨૫,૦૦,૦૦૦.૦૦	સ્ટોક ઈન પ્રોસેસ	૬૫૩૫	૧,૩૦,૭૦,૦૦૦.૦૦	
૧,૯૯,૭૮,૦૭,૨૯૮.૦૦				૨,૧૮,૧૪,૭૦,૭૭૩.૦૦
૨૭,૭૫,૩૭,૪૯૨.૫૦	**મોલાસીસ વેચાણ ટન**	૧૯૦૬૫.૪૬૦	૨૪,૩૮,૦૦,૬૨૮.૦૦	
	ઉમેરો			
૨,૧૨,૫૫,૬૦૦.૦૦	બંધ સ્ટોક (તા. ૩૧/૦૩/૨૦૨૬)	૬૭૯૧.૧૦૦	૭,૭૪,૧૮,૫૪૦.૦૦	
૨૭,૫૦,૦૦૦.૦૦	સ્ટોક ઈન પ્રોસેસ	૦.૦૦૦	૦.૦૦	
	બાદ			
૪,૯૪,૫૮,૩૧૬.૮૦	શરૂનો સ્ટોક (તા. ૦૧/૦૪/૨૦૨૫)	૨૧૨૫.૫૬૦	૨,૧૨,૫૫,૬૦૦.૦૦	
૦.૦૦	સ્ટોક ઈન પ્રોસેસ	૫૫૦.૦૦૦	૨૭,૫૦,૦૦૦.૦૦	
૨૫,૨૦,૮૪,૭૭૫.૭૦				૨૯,૭૨,૧૩,૫૬૮.૦૦
૮,૨૦,૦૦,૨૯૭.૦૦	**બગાસ વેચાણ**	૩૨૯૫૮.૩૫૦	૧૦,૩૪,૩૫,૫૦૦.૩૨	
	ઉમેરો			
૧૮,૨૬,૦૦૦.૦૦	બંધ સ્ટોક (તા. ૩૧/૦૩/૨૦૨૬)	૨૦૦.૦૦૦	૨,૦૦,૦૦૦.૦૦	
	બાદ			
૨૮,૦૦,૦૦૦.૦૦	શરૂનો સ્ટોક (તા. ૦૧/૦૪/૨૦૨૫)	૧૮૨૬.૦૦૦	૧૮,૨૬,૦૦૦.૦૦	
૮,૧૦,૨૬,૨૯૭.૦૦				૧૦,૧૮,૦૯,૫૦૦.૩૨
૪,૯૪,૨૯૫.૭૫	**પ્રેસમડ વેચાણ**			૩૮,૬૬,૪૮૯.૫૦
૨,૩૩,૧૪,૧૨,૬૬૬.૪૫	**કુલ સરવાળો**			**૨,૫૮,૪૩,૬૦,૩૩૦.૮૨**

જયેશ એ. પટેલ
ચીફ એકાઉન્ટન્ટ

કેશવ એન. કાપસે
મેનેજીંગ ડિરેકટર

અશ્વિનભાઈ બી. પટેલ
પ્રમુખશ્રી

શ્રી કામરેજ વિભાગ સહકારી ખાંડ

તા. 31મી માર્ચ ૨૦૨૬ ના રોજ પુરા થતાં

૨૦૨૪–૨૫	ખર્ચ	રકમ રૂા.	૨૦૨૫–૨૬
૨,૭૪,૨૦,૭૭૫.૭૦	**વ્યાજ ખર્ચ**		૨,૬૮,૯૦,૫૫૦.૮૦
	વહિવટી ખર્ચ		
૨,૫૫,૯૫,૯૪૪.૧૧	૧. શ્રી પગાર ખર્ચ	૨,૫૪,૫૬,૧૩૭.૪૪	
૮,૪૬,૭૨૪.૭૯	૨. શ્રી સ્ટેશનરી ખર્ચ	૮,૮૬,૦૮૧.૬૮	
૨,૧૯,૦૮૫.૬૦	૩. શ્રી તાર ટપાલ ટેલિફોન ખર્ચ	૨,૧૦,૫૯૦.૦૭	
૩૮,૨૫૩.૦૦	૪. શ્રી મુસાફરી ખર્ચ	૧૯,૯૨૯.૦૦	
૨,૧૧૫.૪૧	૫. શ્રી બેંક કમીશન	૧,૬૪૯.૫૨	
૪૭,૩૫,૩૧૯.૯૬	૬. શ્રી ફેકટરી સિક્યોરીટી ખર્ચ	૪૮,૨૫,૮૩૨.૦૦	
૪૧,૩૨,૩૯૬.૦૦	૭. શ્રી વીમા પ્રિમીયમ ખર્ચ	૩૭,૯૩,૦૪૭.૬૬	
૧૭,૯૫,૨૬૨.૯૦	૮. શ્રી વાહન ખર્ચ	૧૨,૯૩,૬૦૯.૫૩	
૮૬,૭૯૮.૧૦	૯. શ્રી જાહેરાત ખર્ચ	૧,૫૭,૮૨૦.૫૦	
૭,૩૬,૮૮૮.૪૦	૧૦. શ્રી લવાજમ ખર્ચ	૭,૧૬,૬૯૯.૨૦	
૩,૭૧,૮૪૪.૫૨	૧૧. શ્રી સરભરા ખર્ચ	૩,૪૨,૮૩૦.૦૦	
૧,૦૩,૦૮૦.૦૦	૧૨. શ્રી લાયસન્સ અને ઈન્સપેક્શન	૧,૪૬,૨૦૬.૦૦	
૨,૭૭,૪૩૦.૦૦	૧૩. શ્રી જમીન, મહેસુલ અને વેરા ખર્ચ	૧૮,૬૩,૨૨૯.૦૦	
૧,૫૫,૨૧૯.૦૮	૧૪. શ્રી બાગાયત ખર્ચ	૧,૬૯,૩૯૧.૨૨	
૬૩,૫૪૮.૦૦	૧૫. શ્રી લીગલ ફી	૩,૯૫,૬૦૦.૦૦	
૮૩,૫૦૦.૦૦	૧૬. શ્રી વાર્ષિક સાધારણ સભા ખર્ચ	૧,૨૨,૧૦૫.૦૦	
૨૦,૪૧,૧૬૪.૩૮	૧૭. શ્રી પરચુરણ ખર્ચ	૧૭,૮૬,૩૫૨.૨૮	
૨,૨૯,૪૩૬.૦૦	૧૮. શ્રી દવા ખર્ચ	૧,૩૯,૦૦૯.૧૦	
૨૩,૧૭૦.૦૦	૧૯. શ્રી વે–બ્રીજ સ્ટેમ્પીંગ સર્વિસ ચાર્જ	૧૦,૦૨૫.૦૦	
૧૬,૬૭,૫૮૧.૯૫	૨૦. શ્રી ડેડ સ્ટોક રીપેરીંગ અને સર્વિસ ચાર્જીસ	૧૦,૬૨,૨૧૨.૫૪	
૫,૨૦૦.૦૦	૨૧. શ્રી સેમીનાર અને ડેલીગેશન ફી	૪,૩૪,૫૭૫.૦૦	
૩,૭૯,૮૧૧.૦૦	૨૨. શ્રી ઓડીટ ફી	૭,૬૬,૧૯૨.૪૪	
૨૪,૨૩,૨૯૭.૮૮	૨૪. રીપેરીંગ એન્ડ મેનટેનેન્સ ખર્ચ	૫૧,૧૮,૭૩૮.૫૯	
૪,૬૦,૧૩,૦૭૧.૦૮			૪,૯૭,૧૭,૮૬૨.૭૮
૧૪,૪૧,૮૦૬.૩૩	**ખાંડ વેચાણ ખરાજાત**		૧૩,૫૯,૭૮૩.૯૬
૧,૨૧,૩૨,૯૮૦.૦૦	ભાવ સ્થિરીકરણ ફંડ જોગવાઈ		૧,૨૩,૭૩,૦૯૦.૦૦
૧૩,૩૦,૫૨૨.૫૦	વાહન / મિલક્ત વેચાણનો વધારો / ઘટાડો		૫૨,૬૦૧.૦૦
૮૪,૮૯૮.૭૦	ચોખ્ખો નફો પાકા સરવૈયામા લઈ જતા		૪૬,૨૩૬.૫૪
૮,૮૪,૨૪,૦૫૪.૩૧	**કુલ**		**૯,૦૪,૪૦,૧૨૫.૦૮**

અમારા આ જ તારીખના અહેવાલ મુજબ સામાન્ય શેરોને
આધિન બરાબર માલમ પડયું છે.
તારીખ – ૨૯/૦૬/૨૦૨૬

UDIN - 26031652KXISTF6816

મહેશ પી. પટેલ
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ
વૈધાનિક અન્વેષક પેનલ નંબર – **SUR/IND/1**

ઉદ્યોગ મંડળી લી. નવીપારડી

વર્ષનું નફા–નુકશાન ખાતુ

૨૦૨૪–૨૫	આવક	રકમ રૂા.	૨૦૨૫–૨૬
૫૬,૬૭,૯૬૯.૦૮	**વેપાર ખાતાનો નફો** ઉત્પાદન તથા વેપાર ખાતેથી લાવતા		૪,૭૬,૪૯,૮૨૫.૩૬
૧,૯૯,૩૭,૮૨૫.૫૮	**વ્યાજ આવક** (કોલ ડીપોઝીટ, ધીરાણ ઉપરના વ્યાજના)		૧,૯૨,૮૯,૯૫૬.૫૩
૧,૨૦,૩૩,૦૮૪.૯૨	**પરચુરણ આવક**		૧,૦૯,૦૨,૪૧૧.૩૨
૧૦,૧૮,૪૭૯.૪૬	**ડીઝલ વેચાણ**		૯,૪૯,૦૭૬.૫૫
૦.૦૦	**ખેતીવાડી ફાર્મ આવક**		૧૧,૭૬૧.૭૦
૪,૬૯,૩૬,૭૬૫.૨૭	**ડીસ્ટીલરી યુનીટનો વધારો**		૧,૧૬,૩૭,૦૯૩.૬૨
૨૮,૨૯,૯૩૦.૦૦	**સબસીડી આરકેવીવાય પ્રોજેક્ટ**		૦.૦૦
૮,૮૪,૨૪,૦૫૪.૩૧	**કુલ**		**૯,૦૪,૪૦,૧૨૫.૦૮**

જયેશ એ. પટેલ
ચીફ એકાઉન્ટન્ટ

કેશવ એન. કાપસે
મેનેજીંગ ડિરેકટર

અશ્વિનભાઈ બી. પટેલ
પ્રમુખશ્રી

શ્રી કામરેજ વિભાગ સહકારી

તા. ૩૧ મી માર્ચ ૨૦૨૬ ના રોજ નું

મુળ કિંમતે					
અ. નં.	મિલકતોની વિગત	તા. ૦૧/૦૪/૨૦૨૫ ના રોજની બાકી	વર્ષ દરમ્યાન વધારો	વર્ષ દરમ્યાન વેચાણ/ટ્રાન્સફર	તા. ૩૧/૦૩/૨૦૨૬ ના રોજની બાકી
૧	જમીન	૧,૮૧,૩૨,૩૨,૧૯૯.૯૭	૦.૦૦	૦.૦૦	૧,૮૧,૩૨,૩૨,૧૯૯.૯૭
૨	પ્લાન્ટ અને મશીનરી	૮૩,૦૭,૬૪,૫૯૦.૭૬	૬,૨૦,૩૩,૦૦૭.૧૫	૦.૦૦	૮૯,૨૭,૯૭,૫૯૭.૯૧
૩	ઈલેક્ટ્રીક ઈન્સટોલેશન	૨,૦૯,૧૯,૬૨૨.૮૦	૧૧,૧૬,૨૫૦.૦૦	૦.૦૦	૨,૨૦,૩૫,૮૭૨.૮૦
૪	બાંધકામ (નોન ફેક્ટરી બીલ્ડીંગ)	૮,૯૧,૬૬,૧૫૩.૪૨	૧૫,૩૨,૮૫૭.૮૨	૦.૦૦	૯,૦૬,૯૯,૦૧૧.૨૪
૫	ફેક્ટરી બીલ્ડીંગ	૧૧,૯૮,૦૨,૯૯૭.૯૭	૦.૦૦	૦.૦૦	૧૧,૯૮,૦૨,૯૯૭.૯૭
૬	વોટર વર્કસ	૧૮,૩૮,૨૫૫.૧૪	૦.૦૦	૦.૦૦	૧૮,૩૮,૨૫૫.૧૪
૭	ફેક્ટરી રોડ (લેન્ડ અને સાઈટ ડેવલપમેન્ટ)	૬૧,૨૨,૭૫૬.૯૦	૦.૦૦	૦.૦૦	૬૧,૨૨,૭૫૬.૯૦
૮	ડેડ સ્ટોક અને ઓફિસ ઈક્વીપમેન્ટ				
	ડેડ સ્ટોક	૪૦,૭૯,૮૭૯.૨૨	૨,૧૦૦.૦૦	૦.૦૦	૪૦,૮૧,૯૭૯.૨૨
	ઓફિસ ઈકવીપમેન્ટ	૩૧,૭૪,૨૪૯.૧૫	૦.૦૦	૦.૦૦	૩૧,૭૪,૨૪૯.૧૫
	કોમ્પયુટર	૯૫,૮૮,૨૫૯.૯૯	૦.૦૦	૦.૦૦	૯૫,૮૮,૨૫૯.૯૯
	મોબાઈલ	૩,૭૮,૭૦૦.૬૩	૯,૧૫૨.૫૪	૦.૦૦	૩,૮૭,૮૫૩.૧૭
૯	વાયર ફેન્સીંગ	૫,૩૪,૧૩૪.૭૯	૦.૦૦	૦.૦૦	૫,૩૪,૧૩૪.૭૯
૧૦	વાહનો	૭૫,૧૯,૨૧૪.૬૬	૧૦,૮૫,૦૫૪.૦૦	૯,૪૮,૭૭૯.૦૦	૭૬,૫૫,૪૮૯.૬૬
૧૧	ટેલિફોન ઈન્સટોલેશન	૪,૬૯,૫૨૮.૪૦	૦.૦૦	૦.૦૦	૪,૬૯,૫૨૮.૪૦
૧૨	લાયબ્રેરી	૮૭,૧૩૭.૫૦	૦.૦૦	૦.૦૦	૮૭,૧૩૭.૫૦
૧૩	અન્ય મિલકતો	૧,૨૧,૭૦,૯૪૬.૦૩	૦.૦૦	૦.૦૦	૧,૨૧,૭૦,૯૪૬.૦૩
૧૪	લેબોરેટરીના સાધનો	૩,૯૪,૪૯૦.૦૦	૦.૦૦	૦.૦૦	૩,૯૪,૪૯૦.૦૦
૧૫	સોઈલ ટેસ્ટીંગ લેબોરેટરી (૨૦૧૦–૧૧)	૪૦,૦૦,૦૦૦.૦૦	૦.૦૦	૦.૦૦	૪૦,૦૦,૦૦૦.૦૦
૧૬	હારવેસ્ટીંગ મશીન	૯૭,૦૦,૦૦૦.૦૦	૦.૦૦	૦.૦૦	૯૭,૦૦,૦૦૦.૦૦
૧૭	હારવેસ્ટીંગ મશીનના સાધનો	૧૮,૩૬,૯૫૮.૦૦	૦.૦૦	૦.૦૦	૧૮,૩૬,૯૫૮.૦૦
૧૮	શુગરકેઈન પ્લાન્ટર	૭,૩૩,૭૧૦.૦૦	૦.૦૦	૦.૦૦	૭,૩૩,૭૧૦.૦૦
	કુલ	**૨,૯૩,૬૫,૧૩,૭૮૫.૩૩**	**૬,૫૭,૭૮,૪૨૧.૫૧**	**૯,૪૮,૭૭૯.૦૦**	**૩,૦૦,૧૩,૪૩,૪૨૭.૮૪**

જયેશ એ. પટેલ
ચીફ એકાઉન્ટન્ટ

ખાંડ ઉદ્યોગ મંડળી લી. નવીપારડી

મિલ્કતોનું ઘસારા પત્રક

ઘસારાનું પ્રોવીઝન			નેટ બ્લોક	
તા.૦૧/૦૪/૨૦૨૫ ના રોજની બાકી	વર્ષ દરમ્યાન વધારો	વર્ષ દરમ્યાન વેચાણ/ટ્રાન્સફર	તા. ૩૧/૦૩/૨૦૨૬ ના રોજનો કુલ ઘસારો	તા. ૩૧/૦૩/૨૦૨૬ ના રોજની ચોખ્ખી મિલકત
૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૧,૮૧,૩૨,૩૨,૧૯૯.૯૭
૫૪,૯૧,૧૧,૪૧૮.૦૦	૪,૩૭,૭૩,૭૫૭.૦૦	૦.૦૦	૫૯,૨૮,૮૫,૧૭૫.૦૦	૨૯,૯૯,૧૨,૪૨૨.૯૧
૧,૦૦,૮૫,૭૪૧.૦૦	૧૭,૦૮,૮૦૧.૦૦	૦.૦૦	૧,૧૭,૯૪,૫૪૨.૦૦	૧,૦૨,૪૧,૩૩૦.૮૦
૬,૦૬,૬૪,૬૯૯.૦૦	૧૪,૬૩,૩૯૬.૦૦	૦.૦૦	૬,૨૧,૨૮,૦૯૫.૦૦	૨,૮૫,૭૦,૯૧૬.૨૪
૫,૩૬,૦૫,૮૭૦.૦૦	૬૬,૧૯,૭૧૩.૦૦	૦.૦૦	૬,૦૨,૨૫,૫૮૩.૦૦	૫,૯૫,૭૭,૪૧૪.૯૭
૧૭,૧૭,૯૦૧.૦૦	૧૨,૦૩૫.૦૦	૦.૦૦	૧૭,૨૯,૯૩૬.૦૦	૧,૦૮,૩૧૯.૧૪
૫૪,૮૭,૭૪૧.૦૦	૬૩,૫૦૧.૦૦	૦.૦૦	૫૫,૫૧,૨૪૨.૦૦	૫,૭૧,૫૧૪.૯૦
૩૪,૨૧,૬૭૦.૫૦	૬૫,૯૨૬.૦૦	૦.૦૦	૩૪,૮૭,૫૯૬.૫૦	૫,૯૪,૩૮૨.૭૨
૨૨,૧૫,૯૪૭.૦૦	૯૫,૮૩૨.૦૦	૦.૦૦	૨૩,૧૧,૭૭૯.૦૦	૮,૬૨,૪૭૦.૧૫
૯૧,૭૪,૩૫૯.૫૮	૧,૬૫,૫૬૦.૦૦	૦.૦૦	૯૩,૩૯,૯૧૯.૫૮	૨,૪૮,૩૪૦.૪૧
૩,૦૪,૪૩૪.૦૦	૧૨,૫૧૩.૦૦	૦.૦૦	૩,૧૬,૯૪૭.૦૦	૭૦,૯૦૬.૧૭
૪,૮૪,૬૪૩.૦૦	૪,૯૪૯.૦૦	૦.૦૦	૪,૮૯,૫૯૨.૦૦	૪૪,૫૪૨.૭૯
૩૧,૬૧,૮૨૭.૬૬	૭,૭૭,૫૯૦.૦૦	૬,૯૦,૨૪૬.૦૦	૩૨,૪૯,૧૭૧.૬૬	૪૪,૦૬,૩૧૮.૦૦
૪,૦૮,૫૩૦.૦૦	૯,૧૫૦.૦૦	૦.૦૦	૪,૧૭,૬૮૦.૦૦	૫૧,૮૪૮.૪૦
૮૧,૮૧૮.૦૦	૫૫૫.૦૦	૦.૦૦	૮૨,૩૭૩.૦૦	૪,૭૬૪.૫૦
૫૫,૯૬,૭૪૮.૦૦	૬,૫૭,૪૧૯.૦૦	૦.૦૦	૬૨,૫૪,૧૬૭.૦૦	૫૯,૧૬,૭૭૯.૦૩
૩,૫૮,૨૦૩.૦૦	૫,૪૪૩.૦૦	૦.૦૦	૩,૬૩,૬૪૬.૦૦	૩૦,૮૪૪.૦૦
૩૫,૯૨,૪૮૪.૦૦	૬૧,૧૨૭.૦૦	૦.૦૦	૩૬,૫૩,૬૧૧.૦૦	૩,૪૬,૩૮૯.૦૦
૮૬,૧૫,૧૭૫.૦૦	૧,૬૨,૭૨૪.૦૦	૦.૦૦	૮૭,૭૭,૮૯૯.૦૦	૯,૨૨,૧૦૧.૦૦
૧૫,૪૧,૭૯૯.૦૦	૪૪,૨૭૪.૦૦	૦.૦૦	૧૫,૮૬,૦૭૩.૦૦	૨,૫૦,૮૮૫.૦૦
૬,૪૮,૩૨૬.૦૦	૧૨,૮૦૮.૦૦	૦.૦૦	૬,૬૧,૧૩૪.૦૦	૭૨,૫૭૬.૦૦
૭૨,૦૨,૭૯,૩૩૪.૭૪	**૫,૫૭,૧૭,૦૭૩.૦૦**	**૬,૯૦,૨૪૬.૦૦**	**૭૭,૫૩,૦૬,૧૬૧.૭૪**	**૨,૨૨,૬૦,૩૭,૨૬૬.૧૦**

કુલ સબસીડી ફંડ	૪,૬૦,૦૭૨.૭૫
કુલ રીવેલ્યુશન ફંડ	૫૭,૪૭,૮૯૫.૦૦
કુલ ઘસારો (મેન્યુફેક્ચરીંગ ખાતામાં લઈ ગયા)	૪,૯૫,૦૯,૧૦૫.૨૫

કેશવ એન. કાપસે
મેનેજીંગ ડિરેકટર

અશ્વિનભાઈ બી. પટેલ
પ્રમુખશ્રી

શ્રી કામરેજ વિભાગ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લી. નવીપારડી

રીઝર્વ તથા અન્ય ફંડોની યાદી તા. ૩૧/૦૩/૨૦૨૬ (પત્રક–૧)

પરિશિષ્ટ – ૧

અ. નં.	ફંડનું નામ	તા. ૩૧/૦૩/૨૦૨૫ ના રોજની બાકી	વર્ષ દરમ્યાન વધારો	વર્ષ દરમ્યાન ઘટાડો	તા. ૩૧/૦૩/૨૦૨૬ ના રોજની બાકી
૧	શ્રી રીઝર્વ ફંડ	૨૪,૭૫,૪૧૦.૦૦	૧,૦૫,૩૧૫.૦૦	૦.૦૦	૨૫,૮૦,૭૨૫.૦૦
૨	શ્રી ઘસારા ફંડ	૭૨,૦૨,૭૯,૩૩૪.૭૪	૫,૫૭,૧૭,૦૭૩.૦૦	૬,૯૦,૨૪૬.૦૦	૭૭,૫૩,૦૬,૧૬૧.૭૪
૩	શ્રી કલ્યાણ ફંડ	૪૧,૯૫,૯૯૫.૪૮	૨૧,૦૦૦.૦૦	૨૧,૮૨,૭૧૭.૯૯	૨૦,૩૪,૨૭૭.૪૯
૪	શ્રી હોસ્પિટલ ફંડ	૨૩,૧૨,૩૭૦.૯૭	૦.૦૦	૧,૮૬,૦૦૦.૦૦	૨૧,૨૬,૩૭૦.૯૭
૫	શ્રી શકમંદ લેણા ફંડ	૪૦,૦૦,૦૦૦.૦૦	૦.૦૦	૦.૦૦	૪૦,૦૦,૦૦૦.૦૦
૬	શ્રી સબસીડી આર.કે.વી.વાય	૪,૯૯,૨૭૭.૫૦	૦.૦૦	૧,૧૫,૫૬૯.૦૦	૩,૮૩,૭૦૮.૫૦
૭	શ્રી સબસીડી આર.કે.વી.વાય (૨૦૧૧–૧૨)	૩,૫૮,૬૮૮.૫૦	૦.૦૦	૩૩,૩૨૪.૦૦	૩,૨૫,૩૬૪.૫૦
૮	શ્રી સબસીડી આર.કે.વી.વાય (૨૦૧૭–૧૮)	૨૨,૨૩,૧૩૧.૫૦	૦.૦૦	૩,૧૧,૧૭૯.૭૫	૧૯,૧૧,૯૫૧.૭૫
૯	શ્રી શેરડી ભાવ સ્થીરીકરણ ફંડ	૮,૯૩,૦૫,૪૨૦.૦૦	૧,૨૩,૭૩,૦૯૦.૦૦	૦.૦૦	૧૦,૧૬,૭૮,૫૧૦.૦૦
૧૦	શ્રી લેન્ડ અને સાઈટડેવલપમેન્ટ ફંડ	૫૪,૬૨,૫૪૩.૬૯	૧,૨૧,૨૨,૨૯૫.૧૬	૫૭,૨૭,૧૮૬.૮૫	૧,૧૮,૫૭,૬૫૨.૦૦
	કુલ ફંડ	**૮૩,૧૧,૧૨,૧૭૨.૩૮**	**૮,૦૩,૩૮,૭૭૩.૧૬**	**૯૨,૪૬,૨૨૩.૫૯**	**૯૦,૨૨,૦૪,૭૨૧.૯૫**

સભાસદ બચત થાપણોની યાદી તા. ૩૧/૦૩/૨૦૨૬ (પત્રક–૨)

પરિશિષ્ટ – ૨

અ. નં.	ફંડનું નામ	તા. ૩૧/૦૩/૨૦૨૫ ના રોજની બાકી	વર્ષ દરમ્યાન વધારો	વર્ષ દરમ્યાન ઘટાડો	તા. ૩૧/૦૩/૨૦૨૬ ના રોજની બાકી
૧	શ્રી સભાસદ ફરજીયાત અનામત થાપણ	૬,૭૨,૦૦૦.૦૦	૦.૦૦	૨,૦૦૦.૦૦	૬,૭૦,૦૦૦.૦૦
૨	શ્રી સભાસદ બચત ૨૦૧૬–૧૭	૩૦,૪૪,૬૯૬.૯૪	૦.૦૦	૩૦,૪૪,૬૮૬.૯૪	૦.૦૦
૩	શ્રી સભાસદ બચત ૨૦૧૭–૧૮	૫૨,૪૦,૧૪૯.૫૧	૦.૦૦	૫૨,૪૦,૧૪૯.૫૧	૦.૦૦
	કુલ	**૮૯,૫૬,૮૪૬.૪૫**	**૦.૦૦**	**૮૨,૮૬,૮૪૬.૪૫**	**૬,૭૦,૦૦૦.૦૦**

જયેશ એ. પટેલ
ચીફ એકાઉન્ટન્ટ

કેશવ એન. કાપસે
મેનેજીંગ ડિરેકટર

અશ્વિનભાઈ બી. પટેલ
પ્રમુખશ્રી

શ્રી કામરેજ વિભાગ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લી. નવીપારડી

ટૂંકી મુદતના બેંક ઓવરડ્રાફ્ટ તથા તારણવાળી લોનની યાદી તા. ૩૧/૦૩/૨૦૨૬ (પત્રક–૩)

પરિશિષ્ટ – ૩

અ. નં.	બેંકનું નામ	તા. ૩૧/૦૩/૨૦૨૫ ના રોજની બાકી	વર્ષ દરમ્યાન વધારો	વર્ષ દરમ્યાન ઘટાડો	તા. ૩૧/૦૩/૨૦૨૬ ના રોજની બાકી
૧	શ્રી ઘી સુ. ડી. કો–ઓ. બેંક (ખાંડ ઓવડ્રાફ્ટ)	૧૧,૬૧,૩૨,૯૬૮.૯૪	૪,૪૨,૭૮,૧૧,૬૬૦.૮૮	૪,૩૯,૧૮,૧૪,૨૩૨.૩૮	૧૫,૨૧,૩૦,૩૯૭.૪૪
૨	શ્રી ઘી સુ. ડી. કો–ઓ. બેંક (પ્લાન્ટ અને મશીનરી ૨૦૨૩–૨૪)	૧૦,૪૦,૩૦,૮૭૨.૦૦	૭૬,૯૬,૭૯૬.૦૦	૨,૬૬,૦૦,૨૦૩.૦૦	૮,૫૧,૨૭,૪૬૫.૦૦
૩	શ્રી ઘી સુ. ડી. કો–ઓ. બેંક (પ્લાન્ટ અને મશીનરી ૨૦૨૨–૨૩)	૩,૭૭,૬૭,૪૮૧.૦૦	૨૬,૩૩,૫૯૯.૦૦	૧,૩૧,૬૮,૧૧૮.૦૦	૨,૭૨,૩૨,૯૬૨.૦૦
૪	શ્રી ઘી સુ. ડી. કો–ઓ. બેંક (પ્લાન્ટ અને મશીનરી ૨૦૨૫–૨૬)	૦.૦૦	૪,૦૧,૭૯,૬૨૭.૦૦	૪૪૨.૦૦	૪,૦૧,૭૯,૧૮૫.૦૦
૫	શ્રી ઘી સુ. ડી. કો–ઓ. બેંક (પાક ધિરાણ ૨૦૨૪–૨૫)	૨૩,૭૦,૨૫૧.૦૦	૪૪,૨૯,૦૦૦.૦૦	૬૭,૯૯,૨૫૧.૦૦	૦.૦૦
૬	શ્રી ઘી સુ. ડી. કો–ઓ. બેંક (પાક ધિરાણ ૨૦૨૩–૨૪)	૨૫,૪૫,૪૪૮.૦૦	૩૨,૩૭,૦૦૦.૦૦	૫૭,૮૨,૪૪૮.૦૦	૦.૦૦
	કુલ	**૨૬,૨૮,૪૭,૦૨૦.૯૪**	**૪,૪૮,૫૯,૮૭,૬૮૨.૮૮**	**૪,૪૪,૪૧,૬૪,૬૯૪.૩૮**	**૩૦,૪૬,૭૦,૦૦૯.૪૦**

સભાસદ થાપણો તારણ વગરની યાદી તા. ૩૧/૦૩/૨૦૨૬ (પત્રક–૪)

પરિશિષ્ટ – ૪

અ. નં.	ફંડનું નામ	તા. ૩૧/૦૩/૨૦૨૫ ના રોજની બાકી	વર્ષ દરમ્યાન વધારો	વર્ષ દરમ્યાન ઘટાડો	તા. ૩૧/૦૩/૨૦૨૬ ના રોજની બાકી
૧	શ્રી બાંધી મુદતની થાપણ (એક વર્ષ)	૨,૮૮,૫૨,૬૪૮.૦૦	૨૫,૦૦,૦૦૦.૦૦	૬૨,૧૯,૬૨૨.૦૦	૨,૫૧,૩૩,૦૨૬.૦૦
૨	શ્રી બાંધી મુદતની થાપણ (ત્રણ વર્ષ)	૨૫,૦૦૦.૦૦	૦.૦૦	૦.૦૦	૨૫,૦૦૦.૦૦
૩	શ્રી બાંધી મુદતની થાપણ (ચાર વર્ષ)	૩૪,૦૦૦.૦૦	૦.૦૦	૦.૦૦	૩૪,૦૦૦.૦૦
૪	શ્રી બાંધી મુદતની થાપણ (શેર)	૪,૭૬,૭૬,૦૦૦.૦૦	૦.૦૦	૦.૦૦	૪,૭૬,૭૬,૦૦૦.૦૦
	કુલ	**૭,૬૫,૮૭,૬૪૮.૦૦**	**૨૫,૦૦,૦૦૦.૦૦**	**૬૨,૧૯,૬૨૨.૦૦**	**૭,૨૮,૬૮,૦૨૬.૦૦**

જયેશ એ. પટેલ
ચીફ એકાઉન્ટન્ટ

કેશવ એન. કાપસે
મેનેજીંગ ડિરેકટર

અશ્વિનભાઈ બી. પટેલ
પ્રમુખશ્રી

શ્રી કામરેજ વિભાગ સહકારી ખાંડ

તા. ૩૧મી માર્ચ ૨૦૨૬ ના

૨૦૨૪–૨૫	મુડી તથા દેવા	રકમ રૂા.	૨૦૨૫–૨૬
૨૧,૨૫,૦૬,૫૫૩.૩૫	**શ્રી કામરેજ વિભાગ સહકારી ખાંડ ઉધોગ મંડળી લી. (સુગર યુનીટ)**		૨૩,૫૮,૨૯,૭૯૪.૦૧
	ખરીદી ખર્ચ અંગેના દેવા તથા જોગવાઈઓ		
૦.૦૦	૧. ખર્ચ અંગેના દેવા	૧૦,૮૦૦.૦૦	
૧૪,૬૦,૨૦૩.૦૦	૨. પરચુચણ દેવા	૭,૫૬,૪૮૦.૫૦	૭,૬૭,૨૮૦.૫૦
૧૮,૨૩,૫૦,૬૬૮.૭૫	**શ્રી ઘસારા તથા અન્ય ફંડો**		૧૯,૧૧,૪૨,૪૭૪.૨૫
૧૪,૧૦,૬૮,૭૮૯.૪૫	**શ્રી રીવેલ્યુએશન રીઝર્વ**		૧૩,૯૧,૪૬,૮૩૦.૪૫
૫૩,૭૩,૮૬,૨૧૪.૫૫	**કુલ**		**૫૬,૬૮,૮૬,૩૭૯.૨૧**

અમારા આ જ તારીખના અહેવાલ મુજબ સામાન્ય શેરોને
આધિન બરાબર માલમ પડયું છે.
તારીખ – ૨૯/૦૬/૨૦૨૬

UDIN - 26031652KXISTF6816

મહેશ પી. પટેલ
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ
વૈધાનિક અન્વેષક પેનલ નંબર – **SUR/IND/1**

ઉદ્યોગ મંડળી લી. નવીપારડી (ડીસ્ટીલરી યુનીટ)

રોજનું પાકુ સરવૈયું

૨૦૨૪–૨૫	મિલકત તથા લેણા	રકમ રૂા.	૨૦૨૫–૨૬
	મિલ્કતો		
૧૨,૩૨,૦૪,૦૦૦.૦૦	જમીન	૧૨,૩૨,૦૪,૦૦૦.૦૦	
૮૮,૯૪,૦૭૧.૨૮	લેન્ડ લેવલીંગ રોડ અને ફેન્સીંગ	૮૮,૯૪,૦૭૧.૨૮	
૧,૪૫,૭૯,૭૭૯.૫૧	બાંધકામ	૧,૪૫,૭૯,૭૭૯.૫૧	
૧૮,૨૮,૨૮,૦૬૯.૨૦	પ્લાન્ટ અને મશીનરી	૧૮,૩૪,૭૫,૬૬૯.૨૦	
૨,૮૩,૩૩,૬૩૦.૫૦	ફેક્ટરી બિલ્ડીંગ	૨,૮૩,૩૩,૬૩૦.૫૦	
૩,૪૪,૦૮૦.૭૩	લેબોરેટરી ઈક્વીપમેન્ટ	૩,૪૪,૦૮૦.૭૩	
૪,૦૨,૧૦૭.૮૦	ડેડ સ્ટોક, ઓફિસ ઈક્વીપમેન્ટ	૪,૦૨,૧૦૭.૮૦	
૬૮,૮૯,૭૦૨.૨૪	બાયો – કમ્પોસ્ટ મશીનરી	૬૮,૮૯,૭૦૨.૨૪	
૫,૧૯,૫૧,૪૦૪.૦૦	બાયો કમ્પોસ્ટ યાર્ડ	૫,૧૯,૫૧,૪૦૪.૦૦	
૩૯,૨૧,૭૩૭.૦૦	વર્મી કમ્પોસ્ટ યાર્ડ	૩૯,૨૧,૭૩૭.૦૦	
૪૨,૧૩,૪૮,૫૮૨.૨૬			૪૨,૧૯,૯૬,૧૮૨.૨૬
	ચલણી મિલ્કતો		
	સ્ટોક		
૨,૩૦,૯૧,૧૧૭.૦૦	૧. રેકટીફાઈડ સ્પીરીટ	૪,૪૩,૩૯,૯૫૯.૦૦	
૭,૭૬,૬૫,૩૫૦.૦૦	૨. એબ્સોલ્યુટ આલ્કોહોલ	૯,૨૨,૫૧,૩૨૩.૦૦	
૬,૫૦,૮૦૦.૦૦	૩. બાયો – કમ્પોસ્ટ	૩,૭૪,૨૦૦.૦૦	
૨૪,૫૧,૮૭૧.૭૩	૬. સ્ટોર્સ	૪૯,૬૧,૩૩૬.૦૫	
૧૦,૩૮,૫૯,૧૩૮.૭૩	મેનેજીંગ ડીરેક્ટરશ્રીઓએ પ્રમાણિત કરેલ યાદી મુજબ		૧૪,૧૯,૨૬,૮૧૮.૦૫
	લોન અને એડવાન્સીસ		
૦.૦૦	૧. માલ ખરીદી અને ખર્ચ	૦.૦૦	
૧,૨૧,૭૮,૪૯૩.૫૬	૨. પરચુચણ લેણા	૨૯,૬૩,૩૭૮.૮૦	૨૯,૬૩,૩૭૮.૮૦
૧,૨૧,૭૮,૪૯૩.૫૬			
૫૩,૭૩,૮૬,૨૧૪.૫૫	**કુલ**		**૫૬,૬૮,૮૬,૩૭૯.૨૧**

જયેશ એ. પટેલ
ચીફ એકાઉન્ટન્ટ

કેશવ એન. કાપસે
મેનેજીંગ ડિરેકટર

અશ્વિનભાઈ બી. પટેલ
પ્રમુખશ્રી

શ્રી કામરેજ વિભાગ સહકારી ખાંડ

તા. 31મી માર્ચ ૨૦૨૬ ના રોજ પુરા થતાં

૨૦૨૪–૨૫	ખર્ચ		રકમ રૂા.	૨૦૨૫–૨૬
	કાચો માલ			
૨૧,૦૨,૫૦,૦૦૦.૦૦	મોલોસીસ ટ્રાન્સફર	૧૨૦૦૦.૦૦૦	૧૫,૦૦,૦૦,૦૦૦.૦૦	
	ઉમેરો			
૦.૦૦	શરૂઆતનો સ્ટોક (૦૧–૦૪–૨૦૨૫)	૦.૦૦	૦.૦૦	
૨૧,૦૨,૫૦,૦૦૦.૦૦			૧૫,૦૦,૦૦,૦૦૦.૦૦	
	બાદ			
૦.૦૦	બંધ સ્ટોક (૩૧–૦૩–૨૦૨૬)	૦.૦૦૦	૦.૦૦	
૨૧,૦૨,૫૦,૦૦૦.૦૦				૧૫,૦૦,૦૦,૦૦૦.૦૦
	ઉત્પાદન ખર્ચ			
૮૮,૫૭,૭૩૪.૮૬	૧. પગાર ખર્ચ		૮૭,૬૪,૪૩૩.૬૩	
૪૨,૩૦,૭૪૮.૦૫	૨. કેમીકલ ખર્ચ		૪૦,૪૬,૮૯૮.૩૮	
૯૪,૬૯,૦૦૦.૦૦	૩. બળતણ ખર્ચ		૫૯,૪૬,૦૦૦.૦૦	
૧૫,૯૨,૨૯૫.૧૧	૪. મશીનરી રીપેર અને મરામત ખર્ચ		૧૮,૭૨,૧૧૯.૫૦	
૨૬,૭૧,૦૯૫.૦૦	૫. ફેક્ટરી ઈલેક્ટ્રીક ખર્ચ		૧૧,૫૭,૧૮૬.૦૦	
૨,૩૬,૦૨૨.૦૦	૬. વોટર સપ્લાય ખર્ચ		૧,૫૧,૧૪૦.૦૦	
૪૮,૮૯,૧૯૩.૦૧	૭. એફલ્યુએન્ટ ટ્રીટમેન્ટ ખર્ચ		૪૭,૦૮,૬૧૨.૧૯	
૦.૦૦	૮. પેકીંગ ખચ		૭૩,૬૨૩.૨૫	
૧,૧૮,૯૩૮.૭૦	૯. વહીવટી ચાર્જ		૨૮,૬૧૨.૦૦	
૩,૨૦,૬૫,૦૨૬.૭૩				૨,૬૭,૪૮,૬૨૪.૯૫
૭૩,૪૪,૪૮૦.૭૫	**ઘસારા ખર્ચ**			૬૮,૬૯,૮૪૬.૫૦
૫,૨૩,૦૫,૭૭૭.૨૩	**કાચો નફો – નફા–નુકશાન ખાતે લઇ ગયા**			૧,૬૭,૭૧,૧૧૭.૪૫
૩૦,૧૯,૬૫,૨૮૪.૭૧	**કુલ**			**૨૦,૦૩,૮૯,૫૮૮.૯૦**

અમારા આ જ તારીખના અહેવાલ મુજબ સામાન્ય શેરોને
આધિન બરાબર માલમ પડયું છે.
તારીખ – ૨૯/૦૬/૨૦૨૬

UDIN - 26031652KXISTF6816

મહેશ પી. પટેલ
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ
વૈધાનિક અન્વેષક પેનલ નંબર – **SUR/IND/1**

ઉદ્યોગ મંડળી લી. નવીપારડી (ડીસ્ટીલરી યુનીટ)

વર્ષનું ઉત્પાદન અને વેપાર ખાતુ

૨૦૨૪–૨૫	આવક		રકમ રૂા.	૨૦૨૫–૨૬
	વેચાણ			
૬,૯૧,૧૭,૪૨૪.૬૨	૧. રેકટીફાઈડ સ્પીરીટ વેચાણ લી.	૪૪૮૩૫૪	૨,૫૩,૮૬,૨૫૬.૯૨	
૨૨,૧૬,૫૩,૩૮૭.૫૮	૨. એબ્સોલ્યુટ આલ્કોહોલ વેચાણ લી.	૨૧૫૪૭૨૧	૧૩,૦૫,૩૦,૪૪૨.૯૪	
૨૯,૦૭,૭૦,૮૧૨.૨૦			૧૫,૫૯,૧૬,૬૯૯.૮૬	
	ઉમેરો – બંધ સ્ટોક (૩૧–૦૩–૨૦૨૬)			
૨,૩૦,૯૧,૧૧૭.૦૦	૧. રેકટી. સ્પીરીટ	૮૩૬૬૦૩ ૪,૪૩,૩૯,૯૫૯.૦૦		
૭,૭૬,૬૫,૩૫૦.૦૦	૨. આલ્કોહોલ	૧૭૪૦૫૯૧ ૯,૨૨,૫૧,૩૨૩.૦૦	૧૩,૬૫,૯૧,૨૮૨.૦૦	
૧૦,૦૭,૫૬,૪૬૭.૦૦			૨૯,૨૫,૦૭,૯૮૧.૮૬	
	બાદ – શરૂઆતનો સ્ટોક (૦૧–૦૪–૨૦૨૫)			
૩,૩૧,૪૭,૫૫૦.૦૦	૧. રેકટી. સ્પીરીટ	૪૫૨૭૬૭ ૨,૩૦,૯૧,૧૧૭.૦૦		
૭,૧૧,૩૫,૭૦૦.૦૦	૨. આલ્કોહોલ	૧૫૨૨૮૫૦ ૭,૭૬,૬૫,૩૫૦.૦૦	૧૦,૦૭,૫૬,૪૬૭.૦૦	
૨૮,૭૨,૪૪,૦૨૯.૨૦				૧૯,૧૭,૫૧,૫૧૪.૮૬
૧,૩૫,૭૪,૬૩૩.૮૩	**બાયો – કમ્પોસ્ટ લુઝ વેચાણ**			૭૬,૧૦,૫૧૭.૪૨
૧૦,૧૩,૦૩૮.૨૮	**બાયો – વર્મી બેગ વેચાણ**			૯,૧૫,૧૮૦.૯૨
૧,૩૩,૫૮૩.૪૦	**સ્પેન્ટ વોશ વેચાણ**			૧,૧૨,૩૭૫.૭૦
૩૦,૧૯,૬૫,૨૮૪.૭૧	**કુલ**			**૨૦,૦૩,૮૯,૫૮૮.૯૦**

જયેશ એ. પટેલ
ચીફ એકાઉન્ટન્ટ

કેશવ એન. કાપસે
મેનેજીંગ ડિરેકટર

અશ્વિનભાઈ બી. પટેલ
પ્રમુખશ્રી

શ્રી કામરેજ વિભાગ સહકારી ખાંડ

તા. 31મી માર્ચ ૨૦૨૬ ના રોજ પુરા થતાં

૨૦૨૪–૨૫	ખર્ચ	રકમ રૂા.	૨૦૨૫–૨૬
	વહીવટી ખર્ચ		
૧,૮૯,૫૮૫.૦૦	૧. વીમા પ્રીમીયમ	૧,૫૪,૭૯૦.૦૦	
૩,૦૯,૧૦૦.૦૦	૨. લાયસન્સ ફી અને ઈન્સપેક્શન ફી	૧,૦૬,૦૦૦.૦૦	
૪૬,૯૨,૪૪૯.૦૦	૩. પ્રોહીબીશન અને એક્સાઈઝ સ્ટાફ પગાર ખર્ચ	૪૮,૦૯,૬૫૪.૦૦	
૨૨,૩૭૭.૯૬	૪. પરચુરણ ખર્ચ	૬૩,૦૮૯.૮૩	
૧,૫૫,૫૦૦.૦૦	૫. અન્ય	૪૯૦.૦૦	
૫૩,૬૯,૦૧૧.૯૬			૫૧,૩૪,૦૨૩.૮૩
૪,૬૯,૩૬,૭૬૫.૨૭	**ડીસ્ટીલરી યુનીટનો વધારો સુગર યુનીટ ખાતે લઇ ગયા**		૧,૧૬,૩૭,૦૯૩.૬૨
૫,૨૩,૦૫,૭૭૭.૨૩	**કુલ**		**૧,૬૭,૭૧,૧૧૭.૪૫**

અમારા આ જ તારીખના અહેવાલ મુજબ સામાન્ય શેરોને
આધિન બરાબર માલમ પડયું છે.
તારીખ – ૨૯/૦૬/૨૦૨૬

UDIN - 26031652KXISTF6816

મહેશ પી. પટેલ
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ
વૈધાનિક અન્વેષક પેનલ નંબર – **SUR/IND/1**

ઉદ્યોગ મંડળી લી. નવીપારડી (ડીસ્ટીલરી યુનીટ)

વર્ષનુ નફા – નુકશાન ખાતુ

૨૦૨૪–૨૫	આવક	રકમ રૂા.	૨૦૨૫–૨૬
૫,૨૩,૦૫,૭૭૭.૨૩	કાચો નફો ઉત્પાદન અને વેપાર ખાતેથી વધારો લાવ્યા		૧,૬૭,૭૧,૧૧૭.૪૫
૫,૨૩,૦૫,૭૭૭.૨૩	**કુલ**		**૧,૬૭,૭૧,૧૧૭.૪૫**

જયેશ એ. પટેલ
ચીફ એકાઉન્ટન્ટ

કેશવ એન. કાપસે
મેનેજીંગ ડિરેકટર

અશ્વિનભાઈ બી. પટેલ
પ્રમુખશ્રી

શ્રી કામરેજ વિભાગ સહકારી ખાંડ

તા. ૩૧મી માર્ચ ૨૦૨૬ ના રોજનું

મુળ કિંમતે					
અ. નં.	મિલકતોની વિગત	તા.૦૧/૦૪/૨૦૨૫ ના રોજની બાકી	વર્ષ દરમ્યાન વધારો	વર્ષ દરમ્યાન વેચાણ / ટ્રાન્સફર	તા.૩૧/૦૩/૨૦૨૬ ના રોજની બાકી
૧	જમીન	૧૨,૩૨,૦૪,૦૦૦.૦૦	૦.૦૦	૦.૦૦	૧૨,૩૨,૦૪,૦૦૦.૦૦
૨	પ્લાન્ટ અને મશીનરી	૧૮,૨૮,૨૮,૦૬૯.૨૦	૬,૪૭,૬૦૦.૦૦	૦.૦૦	૧૮,૩૪,૭૫,૬૬૯.૨૦
૩	બાંધકામ (નોન ફેક્ટરી બીલ્ડીંગ)	૧,૪૫,૭૯,૭૭૯.૫૧	૦.૦૦	૦.૦૦	૧,૪૫,૭૯,૭૭૯.૫૧
૪	ફેક્ટરી ભીલ્ડીંગ	૨,૮૩,૩૩,૬૩૦.૫૦	૦.૦૦	૦.૦૦	૨,૮૩,૩૩,૬૩૦.૫૦
૫	ફેક્ટરી રોડ (લેન્ડ અને સાઈટ ડેવલપમેન્ટ)	૮૮,૯૪,૦૭૧.૨૮	૦.૦૦	૦.૦૦	૮૮,૯૪,૦૭૧.૨૮
૬	ડેડ સ્ટોક અને ઓફિસ ઈક્વીપમેન્ટ				
	ડેડ સ્ટોક	૭૩,૯૭૪.૦૦	૦.૦૦	૦.૦૦	૭૩,૯૭૪.૦૦
	ઓફિસ ઈક્વીપમેન્ટ	૧,૦૩,૭૬૦.૦૦	૦.૦૦	૦.૦૦	૧,૦૩,૭૬૦.૦૦
	કોમ્પયુટર	૨,૨૪,૩૭૩.૮૦	૦.૦૦	૦.૦૦	૨,૨૪,૩૭૩.૮૦
૭	ભાયો કમ્પોસ્ટ મશીનરી	૬૮,૮૯,૭૦૨.૨૪	૦.૦૦	૦.૦૦	૬૮,૮૯,૭૦૨.૨૪
૮	લેબોરેટરી ઈક્વીપમેન્ટ	૩,૪૪,૦૮૦.૭૩	૦.૦૦	૦.૦૦	૩,૪૪,૦૮૦.૭૩
૯	બાયો કમ્પોસ્ટ યાર્ડ (૨૦૧૨–૧૩)	૫,૧૯,૫૧,૪૦૪.૦૦	૦.૦૦	૦.૦૦	૫,૧૯,૫૧,૪૦૪.૦૦
૧૦	વર્મી કમ્પોસ્ટ યાર્ડ (૨૦૧૨–૧૩)	૩૯,૨૧,૭૩૭.૦૦	૦.૦૦	૦.૦૦	૩૯,૨૧,૭૩૭.૦૦
	કુલ	**૪૨,૧૩,૪૮,૫૮૨.૨૬**	**૬,૪૭,૬૦૦.૦૦**	**૦.૦૦**	**૪૨,૧૯,૯૬,૧૮૨.૨૬**

જયેશ એ. પટેલ
ચીફ એકાઉન્ટન્ટ

ઉદ્યોગ મંડળી લી. નવીપારડી

મિલકતોનું પત્રક

ઘસારાનું પ્રોવીઝન			નેટ બ્લોક	
તા.૦૧/૦૪/૨૦૨૫ ના રોજની બાકી	વર્ષ દરમ્યાન વધારો	વર્ષ દરમ્યાન વેચાણ / ટ્રાન્સફર	તા.૩૧/૦૩/૨૦૨૬ ના રોજનો કુલ ઘસારો	તા.૩૧/૦૩/૨૦૨૬ ના રોજની ચોખ્ખી મિલકત
૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૧૨,૩૨,૦૪,૦૦૦.૦૦
૯,૦૪,૬૨,૭૯૧.૦૦	૬૫,૧૦,૯૦૨.૦૦	૦.૦૦	૯,૬૯,૭૩,૬૯૩.૦૦	૮,૬૫,૦૧,૯૭૬.૨૦
૮૯,૬૪,૪૫૭.૦૦	૨,૮૦,૭૬૬.૦૦	૦.૦૦	૯૨,૪૫,૨૨૩.૦૦	૫૩,૩૪,૫૫૬.૫૧
૧,૯૩,૧૩,૫૧૦.૦૦	૯,૦૨,૦૧૨.૦૦	૦.૦૦	૨,૦૨,૧૫,૫૨૨.૦૦	૮૧,૧૮,૧૦૮.૫૦
૭૫,૧૨,૦૬૦.૦૦	૧,૩૮,૨૦૧.૦૦	૦.૦૦	૭૬,૫૦,૨૬૧.૦૦	૧૨,૪૩,૮૧૦.૨૮
૬૮,૯૩૪.૦૦	૫૦૪.૦૦	૦.૦૦	૬૯,૪૩૮.૦૦	૪,૫૩૬.૦૦
૭૬,૩૨૦.૦૦	૨,૭૪૪.૦૦	૦.૦૦	૭૯,૦૬૪.૦૦	૨૪,૬૯૬.૦૦
૧,૮૬,૬૬૮.૭૫	૧૫,૦૮૨.૦૦	૦.૦૦	૨,૦૧,૭૫૦.૭૫	૨૨,૬૨૩.૦૫
૫૬,૬૮,૮૩૯.૦૦	૧,૮૩,૧૨૯.૦૦	૦.૦૦	૫૮,૫૧,૯૬૮.૦૦	૧૦,૩૭,૭૩૪.૨૪
૩,૩૦,૯૬૯.૦૦	૧,૯૬૭.૦૦	૦.૦૦	૩,૩૨,૯૩૬.૦૦	૧૧,૧૪૪.૭૩
૩,૭૮,૬૬,૧૨૬.૦૦	૧૪,૦૮,૫૨૮.૦૦	૦.૦૦	૩,૯૨,૭૪,૬૫૪.૦૦	૧,૨૬,૭૬,૭૫૦.૦૦
૨૮,૭૭,૦૪૪.૦૦	૧,૦૪,૪૬૯.૦૦	૦.૦૦	૨૯,૮૧,૫૧૩.૦૦	૯,૪૦,૨૨૪.૦૦
૧૭,૩૩,૨૭,૭૧૮.૭૫	**૯૫,૪૮,૩૦૪.૦૦**	**૦.૦૦**	**૧૮,૨૮,૭૬,૦૨૨.૭૫**	**૨૩,૯૧,૨૦,૧૫૯.૫૧**

સબસીડી ફંડ (૨૦૧૨–૧૩)	૭,૫૬,૪૯૮.૫૦
રીવેલ્યુએશન રીઝર્વ ફંડ	૧૯,૨૧,૯૫૯.૦૦
કુલ સબસીડી	૨૬,૭૮,૪૫૭.૫૦
કુલ થસારો (મેન્યુફેક્ચરીંગ ખાતામાં લઈ ગયા)	૬૮,૬૯,૮૪૬.૫૦

કેશવ એન. કાપસે
મેનેજીંગ ડિરેકટર

અશ્વિનભાઈ બી. પટેલ
પ્રમુખશ્રી

શ્રી કામરેજ વિભાગ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લી. નવીપારડી

ખાંડ ઉત્પાદન ખર્ચ

૦૧/૦૪/૨૦૨૪ થી ૩૧/૦૩/૨૦૨૫			૦૧/૦૪/૨૦૨૫ થી ૩૧/૦૩/૨૦૨૬			
ટન દીઠ	ગુણી દીઠ	ખર્ચની રકમ રૂા.	ખર્ચનો પ્રકાર	ખર્ચની રકમ રૂા.	ગુણી દીઠ	ટન દીઠ
૪૧૪૫.૦૧	૩૯૫૦.૬૧	૨,૦૧,૧૬,૫૧,૮૩૬.૦૫	શેરડી ખરીદી	૨,૧૯,૧૩,૭૮,૨૯૦.૭૪	૩,૯૫૬.૮૧	૪,૪૨૭.૭૧
૦.૨૦	૦.૧૯	૯૫,૮૨૫.૯૪	શેરડી સુધારણા ખર્ચ	૧૪,૧૪૪.૭૬	૦.૦૩	૦.૦૩
૫૭૮.૯૪	૫૫૧.૭૯	૨૮,૦૯,૭૧,૦૧૦.૩૮	ઉત્પાદન ખર્ચ	૨૯,૫૮,૦૮,૯૬૪.૪૭	૫૩૪.૧૨	૫૯૭.૬૯
૬૮.૦૫	૬૪.૮૬	૩,૩૦,૨૬,૦૨૫.૦૦	ઘસારો	૪,૯૫,૦૯,૧૦૫.૨૫	૮૯.૩૯	૧૦૦.૦૩
૫૬.૫૦	૫૩.૮૫	૨,૭૪,૨૦,૭૭૫.૭૦	વ્યાજ ખર્ચ	૨,૬૮,૯૦,૫૫૦.૮૦	૪૮.૫૫	૫૪.૩૩
૯૪.૮૧	૯૦.૩૬	૪,૬૦,૧૩,૦૭૧.૦૮	વહિવટી ખર્ચ	૪,૯૭,૧૭,૮૬૨.૭૮	૮૯.૭૭	૧૦૦.૪૬
૨.૯૭	૨.૮૩	૧૪,૪૧,૮૦૬.૩૩	ખાંડ વેચાણ અંગેના ખર્ચ	૧૩,૫૯,૭૮૩.૯૬	૨.૪૬	૨.૭૫
૨૫.૦૦	૨૩.૮૩	૧,૨૧,૩૨,૯૮૦.૦૦	ભાવ સ્થિરીકરણ ફંડ જોગવાઈ	૧,૨૩,૭૩,૦૯૦.૦૦	૨૨.૩૪	૨૫.૦૦
૨.૭૪	૨.૬૧	૧૩,૩૦,૫૨૨.૫૦	અન્ય	૫૨,૬૦૧.૦૦	૦.૦૯	૦.૧૧
૪૯૭૪.૨૨	૪૭૪૦.૯૩	૨,૪૧,૪૦,૮૩,૮૫૨.૯૮	કુલ ખર્ચ	૨,૬૨,૭૧,૦૪,૩૯૩.૭૬	૪૭૪૩.૫૬	૫૩૦૮.૧૦
			આવકો			
૪૧૧૬.૪૮	૩૯૨૩.૪૨	૧,૯૯,૭૮,૦૭,૨૯૮.૦૦	ખાંડ	૨,૧૮,૧૪,૭૦,૭૭૩.૦૦	૩,૯૩૮.૯૨	૪,૪૦૭.૬૯
૫૧૯.૪૨	૪૯૫.૦૬	૨૫,૨૦,૮૪,૭૭૫.૭૦	મોલાસીસ	૨૯,૭૨,૧૩,૫૬૮.૦૦	૫૩૬.૬૬	૬૦૦.૫૨
૧૬૬.૯૫	૧૫૯.૧૨	૮,૧૦,૨૬,૨૯૭.૦૦	બગાસ	૧૦,૧૮,૦૯,૫૦૦.૩૨	૧૮૩.૮૩	૨૦૫.૭૧
૧.૦૨	૦.૯૭	૪,૯૪,૨૯૫.૭૫	પ્રેસમડ	૩૮,૬૬,૪૮૯.૫૦	૬.૯૮	૭.૮૧
૪૧.૦૮	૩૯.૧૬	૧,૯૯,૩૭,૮૨૫.૫૮	વ્યાજ	૧,૯૨,૮૯,૯૫૬.૫૩	૩૪.૮૩	૩૮.૯૮
૨૪.૭૯	૨૩.૬૩	૧,૨૦,૩૩,૦૮૪.૯૨	પરચુરણ	૧,૦૯,૦૨,૪૧૧.૩૨	૧૯.૬૯	૨૨.૦૩
૯૬.૭૧	૯૨.૧૮	૪,૬૯,૩૬,૭૬૫.૨૭	ડીસ્ટીલરી વિભાગ	૧,૧૬,૩૭,૦૯૩.૬૨	૨૧.૦૧	૨૩.૫૧
૭.૯૩	૭.૫૬	૩૮,૪૮,૪૦૯.૪૬	અન્ય	૯,૬૦,૮૩૮.૨૫	૧.૭૩	૧.૯૪
૪૯૭૪.૩૮	૪૭૪૧.૧૦	૨,૪૧,૪૧,૬૮,૭૫૧.૬૮	કુલ આવક	૨,૬૨,૭૧,૫૦,૬૩૦.૫૪	૪,૭૪૩.૬૫	૫,૩૦૮.૧૯
		૮૪,૮૯૮.૭૦	ચોખ્ખો નફો	૪૬,૨૩૬.૭૮		
		૪,૮૫,૩૧૯.૧૭૦	કુલ શેરડી પિલાણ ટન	૪,૯૪,૯૨૩.૫૪૮		
		૫,૦૯,૨૦૦.૦૦	કુલ ઉત્પાદન થયેલ ખાંડ ગુણી	૫,૫૩,૮૨૫.૦૦		
	૪૦૮૫.૭૮	૨,૦૮,૦૪,૭૮,૪૮૪.૫૩	કુલ ઉત્પાદન ખર્ચ	૨,૨૨,૪૨,૧૪,૮૩૫.૯૪	૪૦૧૬.૧૦	

જયેશ એ. પટેલ
ચીફ એકાઉન્ટન્ટ

કેશવ એન. કાપસે
મેનેજીંગ ડિરેકટર

અશ્વિનભાઈ બી. પટેલ
પ્રમુખશ્રી

ઓડિટર
મહેશ પી. પટેલ
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ
વૈધાનિક અન્વેષક પેનલ નંબર – **SUR/IND/1**

આંતરિક અન્વેષક
કિશોર કે. હરિયાણી
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ
ભરૂચ
મેમ્બરશીપ નં. ૧૧૦૭૮૦